MANOGAT • Year-39 • Issue-13 • 10 October 2020 • Adhik Aaso Vad 8, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત

અટલ ટનલ



## જનસેવક તરીકે જનનાયકનું ૨૦મું વર્ષ

## ચરૈવેતિ ચરૈવેતિ

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૭-૧૦-૨૦૦૧થી ચાલી રહેલી વિકાસયાત્રાએ કોમવાદ, જ્ઞાતિવાદ અને તુષ્ટીકરણના રાજકારણને નાબૂદ કરીને 'દેશ પ્રથમ'ની રાજનીતિનો સૂર્યોદય કર્યો**

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ સરકારની તમામ યોજનાઓ જન-જન સુધી પહોંચે તે હેતુથી તૈયાર કરાયેલા 'વ્હોટ્સએપ હેલ્પ ડેસ્ક'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું**


# નાગરિકોને જે યોજના વિશે માહિતી જોઈતી હોય તે યોજનાનો નંબર લખીને મોકલશે એટલે જે તે યોજનાની સંપૂર્ણ માહિતી મેસેજ મારફત આવી જશે






ભાજપાના ટેક્નોસેવી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલની અનોખી પહેલ કરી છે,જેથી રાજ્યના નાગરિકો હવે ઘેર બેઠા સરકારની વિવિધ યોજનાઓની માહિતી સરળતાથી વ્હોટ્સએપ હેલ્પ ડેસ્કના માધ્યમથી મેળવી શકશે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ સરકારની તમામ યોજનાઓ જન-જન સુધી પહોંચે તે હેતુથી તૈયાર કરાયેલા આ **'વ્હોટ્સએપ હેલ્પ ડેસ્ક'**નું ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે ગઈકાલે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

આ 'વ્હોટ્સએપ હેલ્પ ડેસ્ક' થકી સરકારી યોજનાઓની માહિતી મેળવવા માટે નાગરિકોએ **૦૨૬૧-૨૩૦૦૦૦૦** નંબર પોતાના મોબાઈલમાં સેવ કરીને **'hi'** મેસેજ કરવાનો રહેશે. ત્યાર બાદ મેસેજ આવશે જેનો રીપ્લાય **'0'**(ઝીરો) લખીને મોકલવાથી યોજનાઓનું લિસ્ટ નંબર સાથે આવશે. નાગરિકોને જે યોજના વિશે માહિતી જોઈતી હોય તે યોજનાનો નંબર લખીને મોકલશે એટલે જે તે યોજનાની સંપૂર્ણ માહિતી મેસેજ મારફત આવી જશે. આમ, નાગરિકોને સરકારી યોજનાઓ વિશેની સંપૂર્ણ માહિતી સરળ રીતે ઉપલબ્ધ થશે.



Year 39 ● Issue 13 ● Pages 28



## તંત્રીસ્થાનેથી

# ૨૦૦૧થી શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે પડેલી દંભી બિનસાંપ્રદાયિકોની જમાત આજે ૨૦મા વર્ષે પણ નવા નવા સ્વરૂપે દેશને અસ્થિર કરવા પ્રવૃત્ત !

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

જનનાયક એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીનું જનસેવાનું આ ૨૦મું વર્ષ.

૭-૧૦-૨૦૦૧ના દિને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી જ દંભી બિનસાંપ્રદાયિકો અને કહેવાતા કેટલાક બુદ્ધિજીવીઓએ કોઈ ને કોઈ બહાને કોંગ્રેસનો હાથો બનીને શ્રી નરેન્દ્રભાઈનો સતત વિરોધ જ કર્યો. ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તો આ લોકોએ કહ્યું - સંઘના પ્રચારકને સત્તા સોંપી ! ગોધરાકાંડ પછી આ જ લોકોએ નરેન્દ્રભાઈને આખી દુનિયામાં બદનામ કરવામાં કશું બાકી ન રાખ્યું ! ગુજરાતનો વિકાસ થયો તો આ લોકોએ તેમાં પણ પાણીમાંથી પોરા કાઢવાની પ્રવૃત્તિ કરી ! ગુજરાત મોડેલ રાજ્ય બન્યું તો ગુજરાતને અન્યાય કરવાના તમામ કાર્યક્રમો ઘડી કાઢ્યા ! દેશની પ્રજાએ નરેન્દ્રભાઈને પ્રધાનમંત્રી પદે પૂર્ણ બહુમત સાથે બેસાડ્યા તો આ જ માનસિકતાના લોકોએ 'એવોર્ડ વાપસી'નું અભિયાન ઉપાડ્યું ! કાળાં નાણાં સામેની મુહિમ, નોટબંધી કે સર્જિકલ સ્ટ્રાઈક વખતે પણ આ જ જમાતે શંકા-કુશંકાઓ કરીને વિવાદો ઊભા કરવાનો પ્રયાસ કર્યો ! બીજી વખત અગાઉ કરતાં પણ ભવ્ય વિજય મેળવીને નરેન્દ્રભાઈએ કાશ્મીરની ૩૭૦મી કલમ દૂર કરી - રામમંદિરનો શિલાન્યાસ કર્યો તો આ જમાત પાસે કોઈ મુદ્દો ન બચતાં તેઓ હવે દુશ્મન દેશ ચીનની વકીલાત કરે છે !

વિચાર તો કરો - એક દેશભક્ત પ્રધાનમંત્રી પ્રામાણિકતાપૂર્વક વિકાસની રાજનીતિ કરી દેશની સરહદોને જડબેસલાક ચુસ્ત કરે છે તો આ દંભી જમાત વૈશ્વિક વિરોધીઓનો હાથો બનીને દેશને અસ્થિર કરવાનાં કાવતરાં રચે છે ! સ્થાનિક પ્રશ્નોને મોટા બનાવવા - ખેડૂતો-યુવાનોને ગેરમાર્ગે દોરવા તમામ પ્રકારના પ્રયત્નો કરે છે. ષડયંત્રો બહુ મોટાં છે. વિદેશોનાં મોટાં ભંડોળો છે. સ્થાનિક કેટલાક લોકોના સ્વાર્થને પોષીને - હાથો બનાવીને - મીડિયા - સોશ્યલ મીડિયામાં પૈસા ખર્ચીને - ખોટી લાગણી ઉશ્કેરીને આ લોકો સાચી દિશામાં - સાચાં કામો કરી રહેલી - મોદી સરકારને અસ્થિર કરવાના મૂળભૂત બદઇરાદા સાથે એક્ટિવિસ્ટ તરીકે પ્રવૃત્ત છે. તેઓનો ઇરાદો બર લાવવા તેઓ દેશમાં કોમ - જ્ઞાતિ - ઊંચ-નીચ વગેરે વગેરે ભેદ ઊભા કરી સૌને સામ-સામે મૂકી અસ્થિરતા પેદા કરવાના પ્રયત્નમાં પણ લાગેલા જ છે. મૂળતઃ તેઓને દેશહિત અને સંસ્કૃતિ માટે કોઈ સમાધાન ન કરનારી મોદી સરકારને અસ્થિર કરવી છે - આ બાબત આપણે સૌએ સમજવી પડશે અને બધાને સમજાવવી પડશે.

આવો, દેશવિરોધી, સ્વાર્થી, ભ્રષ્ટાચારી, વિદેશીઓનો હાથો બની કામ કરનારી આવી જમાતને નશ્યત કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ. સમગ્ર સમાજને જાગૃત કરી આવા આધુનિક જયચંદોને પહેલેથી જ ઓળખી દેશને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિકસિત બનાવવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.



# શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની અને વિકાસ મોડેલનું ૨૦મું વર્ષ






**આજે જ્યારે દેશહિતને વરેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકારના વડા તરીકેના વીસમાં વર્ષમા પ્રવેશ કરી રહ્યા છે ત્યારે તેમની અત્યાર સુધી સિદ્ધિઓ તો શ્રેષ્ઠ છે જ, આપણે સૌએ સર્વશ્રેષ્ઠ સાક્ષી બનવાનું બાકી છે અને તે છે આત્મનિર્ભર ભારતનું નિર્માણ**

**- જે. પી. નડ્ડાજી**

આમ સાધારણ જણાતી આ તારીખનાં ભારતના રાજકીય ઈતિહાસમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ તારીખના રોજ ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પ્રથમ વખત શપથ લીધેલા. તે ઘડીથી લઈ આજ સુધી નરેન્દ્રભાઈ મોદી સરકારના વડા તરીકેની દરેક ચૂંટણી જીતી આજે દેશના વડા પ્રધાન તરીકેની ભૂમિકા સક્ષમતાથી નિભાવી રહ્યા છે. આજે તેઓની સરકારના વડા તરીકેની સેવા બજાવવાનાં ૨૦ વર્ષ થઈ રહ્યાં છે. ત્યારે તેમનામાં રહેલ લોકોનો વિશ્વાસ જીતી આદર્શ આગેવાન તરીકેના ગુણની સાક્ષી પૂરે છે.

જ્યારે આપણને ચૂંટણીની જીત અને બહોળી લોકપ્રિયતા નજરે ચઢે છે ત્યારે તેની પાછળ રહેલો પુરુષાર્થ અને કટિબદ્ધતાની વાતો ઘણી ઓછી થાય છે. નરેન્દ્રભાઈ



મોદીની સફળતા પાછળનું કારણ છે તેમનો અથાક પરિશ્રમ અને અજોડ દીર્ઘદૃષ્ટિ.

એવા સમયે જ્યારે પાવર સેક્ટરમાં સુધાર લાવવાનું કોઈ પણ નેતા કલ્પી પણ ન શકે તેવા સમયે નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને વિશ્વાસમાં લઈ ગુજરાતના વીજક્ષેત્રમાં સુધારો કયો. ગુજરાતના દરેક ગામમાં વીજળી પહોંચતી કરી પાવર સરપ્લસ રાજય બનાવ્યું અને આજે વડા પ્રધાન તરીકે તેમણે દરેક ગામ અને દરેક ઘર સુધી વીજળી પહોંચાડી છે.

૨૦૦૩માં, જ્યારે રાષ્ટ્રીય કક્ષાની રોકાણકારોની સમિટ ભાગ્યે જ થતી, ત્યારે મોદીજીએ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટ શરૂ કરી, ત્યારથી આજ સુધી વાઈબ્રન્ટ સમિટ અને ગુજરાત એ વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં પ્રસિદ્ધ બન્યા છે. એવી જ રીતે હાલ વડા પ્રધાન તરીકે તેમણે નોંધપાત્ર એફડીઆઈ રોકાણની ખાતરી કરી છે.

નરેન્દ્ર મોદીએ વિકસાવેલ ગુજરાત મોડેલને કેમ ભુલાય ? રાજયમાં અર્ધ-શુષ્ક પ્રદેશો હોવા છતાં કૃષિક્ષેત્રે અને ઈન્ફાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં ગુજરાતે ઝડપી વૃદ્ધિ મેળવી છે. દાયકાઓ બાદ આજે કોઈ વડા પ્રધાને ખેડૂતોની સ્વતંત્રતાની ખાતરી કરી છે. ભારતની માળખાકીય સુવિધાઓ, જે હાલ મોદીના નેતૃત્વમાં મોટાપાયે વિકસી રહી છે તે આવનાર દિવસોમાં હજુ વધારે સુદૃઢ બનશે. 'બેટી બચાવો બેટી પઢાઓ' દ્વારા બાળકીને બચાવવા અને શિક્ષિત કરવાની નરેન્દ્રભાઈ મોદીની પહેલની પ્રશંસા સહુ કરે છે. દીકરીઓના શિક્ષણ માટે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં કન્યા કેળવણી કાર્યક્રમ શરૂ કર્યો હતો જેમાં મુખ્યમંત્રી તરીકે તેમની આગેવાની હેઠળની સરકાર ગામડાંમાં જઈને દીકરીઓને શાળા-પ્રવેશ માટે પ્રોત્સાહિત કરતી હતી. આ કન્યા કેળવણી કાર્યનું દેશવ્યાપી વિસ્તરણ મોદીજીએ 'બેટી બચાવો બેટી પઢાઓ' દ્વારા કર્યું છે.

એક નેતા તરીકે મોદીજીની અપરાજિત સફળતાનું કારણ છે તેમની પોતાની જાતને સતત પડકારવાની ક્ષમતા, કોઈ પણ બાહ્ય પડકારોની ક્ષમતા કરતાં વધારે તેઓ પોતાને જ પડકારે છે અને બમણા જોશ સાથે એ પડકારોથી ઊગરે છે. તેઓ મુક્તમને અને બહાદુરીથી ઊંચાં લક્ષ્ય નક્કી કરવાનું જોખમ લે છે. ધીમી ગતિ માટે વગોવાતા વહીવટી તંત્રોને મોદીજીએ નિશ્ચિત સમયમર્યાદા સાથે કાર્ય કરતાં કર્યાં છે. પછી ભલેને એ સ્વચ્છતા અભિયાન હોય કે ગ્રામીણ વીજકરણ, બધા માટે ઘર, બધા માટે પીવાનું પાણી અથવા ખેડૂતની આવક બમણી કરવાનાં અભિયાનો. તે દરેક કાર્યક્રમોને ચોક્કસ સમયમર્યાદામાં પૂર્ણ કરાવ્યા છે.

તેમનું રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરનું શાસન કાર્યક્ષમ, અસરકારક અને સુધારાવાદી રહ્યું જ છે. જ્યારે નરેન્દ્ર મોદીની ૨૦૦૧માં મુખ્યમંત્રી પદ પર નિયુક્તિ થઈ ત્યારથી લઈને અત્યાર સુધીની યાત્રા અન્ય કારણોસર પણ અજોડ છે.

નરેન્દ્રભાઈ મોદી એવાં મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે જે શાસન અને રાજકારણના સ્તરોથી આગળ છે. તે ભારત અને ભારતીયોમાં શ્રેષ્ઠતાની અપીલ કરે છે અને સૌમાંથી ઉત્તમ બહાર લાવવા માટે પ્રયત્નો કરે છે.

તેમણે લોકોમાં સારું કરવાની ભાવના જન્માવી સ્વચ્છતાનું એક અનોખું જનઆંદોલન ઉપાડ્યું છે. જે દેશમાં રાજકીય સંસ્કૃતિ વધુ ને વધુ સબસિડી આપવા જ પ્રચલિત હતી ત્યાં તેમણે લોકોને સબસિડી છોડી દેવાની પ્રેરણા આપી જેથી ગરીબોને મફત ગેસજોડાણો મળી રહે. - ભારત એક વૈવિધ્યસભર અને સ્વીકૃતિમાં માનતી સભ્યતા છે જે ઓળખ કેવી રીતે આગળ વધારવી તે જાણે છે. ગુજરાતથી આવીને ઉત્તરપ્રદેશના મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનારા નરેન્દ્ર મોદીએ કોઈ પણ પક્ષપાતી જાતિ, સમુદાય, વર્ગ અથવા પ્રાદેશિક વિચારધારા તરફ ધ્યાન આપ્યું નથી કે ભેદભાવ કર્યો નથી. તેમની અપીલ આ મર્યાદાને વટાવી અને સમગ્ર દેશમાં લોકોને એક જ હેતુ માટે જોડે છે ભારતની મહાનતા.

ભારતીય પરંપરા તિરસ્કારોના સમયમાં પણ આપણને ગૌરવ દાખવતાં શીખવે છે. આપણી સંસ્કૃતિનું સત્ય આખરે બધી નકારાત્મકતાને દૂર કરે જ છે. નરેન્દ્ર મોદીના ઉદયની વાતના પાયામાં પણ આ ભાવના છે. બે દાયકાથી તેમની પ્રતિષ્ઠા પર ઘણા પ્રહારો છતાં અનેક ગુણો, મક્કમતા અને અનુભવોએ તેમનું વ્યક્તિત્વ જાળવી રાખ્યું છે. જ્યાં એક નાનકડી અવિવેકતાનો અર્થ પણ રાજકીય સફરનો અંત બની શકે એવા તીવ્ર સંજોગોનો સામનો કરીને પણ તેમણે પોતાના રાજ્ય અને રાષ્ટ્ર માટેનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા તરફ પ્રયાણ કર્યું છે અને કરતા રહેશે.

મોટેભાગે, આ સ્થાને પહોંચેલ વ્યક્તિને લોકો ભવ્ય સ્વપ્નદ્રષ્ટા માને છે, પરંતુ તે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનાં કાર્યો ઘણા જૂજ લોકો કરી શકે છે. મોદી સ્વપ્નદ્રષ્ટા પણ છે અને કાર્યકુશળ પણ છે. લક્ષ્ય હાંસલ કરવા માટેનાં કાર્યોને પરિપૂર્ણ કરવા માટે તેમની પાસે વિશાળ દૃષ્ટિ તેમજ ચોકસાઈ અને દૃઢતાનો સમન્વય છે.



**વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવામાં સમર્પણના ૨૦મા વર્ષમાં પ્રવેશના ઉપક્રમે વર્ચ્યુઅલ રેલી યોજાઈ**

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાથી એક પણ દિવસની રજા લીધા સિવાય પોતાનો સંપૂર્ણ સમય અને શક્તિનો દેશના કરોડો દેશવાસીઓના ઉત્થાન માટે ઉપયોગ કરી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી રહ્યા છે - શ્રી વિજયભાઈ રૂપાણી




પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીકાળ અને વર્તમાનમાં દેશના પ્રધાનમંત્રીશ્રી તરીકે રાષ્ટ્રસેવામાં સમર્પણના ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ રેલી યોજાઈ. આ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા અને પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજનો દિવસ ગુજરાત અને દેશભરની જનતા માટે ઐતિહાસિક દિવસ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી તરીકેના ૧૯ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદ અને તુષ્ટિકરણની રાજનીતિ નાબૂદ કરી દેશમાં વિકાસની રાજનીતિ પ્રસ્થાપિત કરી છે. વર્ષો સુધી સંઘના પ્રચારક, ભાજપા સંગઠનમાં તેમણે કાર્ય કર્યું, સરકારી વહીવટમાં કોઈપણ જાતનો અનુભવ ન હોવા છતાં પણ ભાજપાના કેન્દ્રીય નેતૃત્વએ તેમની પ્રતિભા અને ક્ષમતાની સાચી પરખ કરી આજથી ૧૯ વર્ષ પહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતનું સુકાન સોંપ્યું અને તેનું પરિણામ આપણી સામે છે. કોઈ પણ બાબત કે વિષય હોય, દેશના કરોડો નાગરિકોની આજે લાગણી છે કે 'મોદી હૈ તો મુમકિન હૈ'.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી 'રાષ્ટ્રપ્રથમ'ની ભાવનાથી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' , 'આત્મનિર્ભર ભારત', સશક્ત, સમૃદ્ધ, સંપન્ન ભારતના નિર્માણ માટે એક પણ દિવસની રજા લીધા સિવાય પોતાનો સંપૂર્ણ સમય અને શક્તિ દેશના કરોડો દેશવાસીઓના ઉત્થાન માટે ઉપયોગ કરી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી રહ્યાં છે, અને તેમના પ્રયત્નોના સકારાત્મક પરિણામો પણ આપણને મળી રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં જ્યારે દેશના નાગરિકોમાં નિરાશાનો માહોલ હતો તેવા સમયે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત મોડલ પર દેશભરની જનતાએ વિશ્વાસ કર્યો અને દેશનું સુકાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને સોંપ્યું. રાજકીય વિરોધીઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે અનેક અશોભનીય શબ્દોનો ઉપયોગ કરી તેમને અપમાનિત કર્યા પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચલિત થયા વગર સંપૂર્ણ સમર્પણના ભાવથી દેશના કરોડો નાગરિકો માટે કાર્ય કરી અનેક જનકલ્યાણકારી યોજનાઓને અમલમાં મૂકી દેશના છેવાડાના માનવીને પણ પોતાના મૂળભૂત અધિકારો, સુવિધાઓ, પારદર્શી વ્યવસ્થા મળી રહે તે દિશામાં અનેક નિર્ણયો કર્યા. કાશ્મીરમાં કલમ ૩૭૦/૩૫-એની નાબૂદી, અયોધ્યામાં રામજન્મભૂમિનો ઉકેલ સુપ્રીમ કોર્ટ થકી સંવૈધાનિક રીતે લાવી ભવ્ય રામમંદિરનું નિર્માણ, CAA સહિતના ઐતિહાસિક નિર્ણયોનો દેશ સાક્ષી બન્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આજે દેશના નાગરિકોનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિ વિશ્વસનીયતાનો ભાવ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના એક આહ્વાનથી ખૂબ વિશાળ સંખ્યામાં આર્થિક રીતે સમર્થ નાગરિકોએ પોતાને મળતી ગેસ સબસીડી સ્વેચ્છાએ છોડી, સ્વચ્છ ભારત અભિયાને જનઆંદોલનનું સ્વરૂપ લીધું,



**આજનો દિવસ ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા, પ્રત્યેક ગુજરાતવાસી સહિત ૧૩૦ કરોડ નાગરિકો માટે આનંદ અને ગૌરવની અનુભૂતિ કરવાનો દિવસ છે - શ્રી સી.આર.પાટીલ**



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આજનો દિવસ ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા, પ્રત્યેક ગુજરાતવાસી સહિત ૧૩૦ કરોડ નાગરિકો માટે આનંદ અને ગૌરવની અનુભૂતિ કરવાનો દિવસ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંપૂર્ણ જીવન દેશવાસીઓને સમર્પિત રહ્યું છે. ગુજરાતમાં આજથી ૧૯ વર્ષ પહેલાં જ્યારે તેમણે રાજ્યના મુખ્યમંત્રી તરીકે સુકાન સંભાળ્યું ત્યારથી ઐતિહાસિક વિકાસયાત્રાની શરૂઆત થઈ, પહેલાં ગુજરાત અને પછી સમગ્ર દેશમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં એક પછી એક વિકાસનાં અનેક સોપાનો સર થયાં છે, અને સમગ્ર દેશ તેનો સાક્ષી રહ્યો છે.


તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નર્મદા યોજના પ્રત્યેની કટિબદ્ધતાને કારણે જ આજે મા નર્મદાનાં નીર કચ્છ સુધી પહોંચ્યાં છે. ગુજરાતનો મુખ્યમંત્રીકાળ હોય કે દેશના પ્રધાનમંત્રી તરીકે તેમની જવાબદારી હોય, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમામ વર્ગ, સમાજ અને વિવિધ ક્ષેત્રના લોકો માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી તેમને મદદરૂપ થવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે, અને તેમાં સફળતા પણ મળી છે. દેશના ઈતિહાસમાં અમૂલ્ય યોગદાન આપનાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ભુલાવી દેશની આઝાદીની લડતમાં ફક્ત એક જ પરિવારનું મુખ્ય યોગદાન હતું તેવું સાબિત કરવાનો પ્રયત્ન કરનાર કોંગ્રેસને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવીને જડબાતોડ જવાબ આપ્યો છે અને સરદાર સાહેબને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ મજબૂત અને નિર્ણાયક નેતૃત્વમાં દેશ તમામ મોરચે અગ્રેસર બની મજબૂત થઈ રહ્યો છે, નવી તકોનું સર્જન થઈ રહ્યું છે, સમગ્ર વિશ્વ આજે ભારત તરફ સકારાત્મકતાના ભાવથી જોઈ રહ્યું છે, ભારતના સામર્થ્યનાં દર્શન સમગ્ર વિશ્વને થઈ રહ્યાં છે.

શ્રી સી.આર.પાટીલ અને શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન જ્યોતિગ્રામ યોજના, નર્મદા યોજના, શાળા-પ્રવેશોત્સવ, ગામેગામ પાકા રસ્તા, જળવ્યવસ્થાપન, ખેડૂતો, યુવાઓ, મહિલાઓ માટેની વિવિધ યોજનાઓ સહિત વિવિધ વિકાસકાર્યોનો ઉલ્લેખ કર્યો હતો તેમજ તેમના નેતૃત્વમાં દેશમાં શરૂ કરાયેલી યોજનાઓ જેવી કે જનધન યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત અભિયાન, મુદ્રા યોજના, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત યોજના,ખેડૂતો, યુવાઓ, મહિલાઓ માટે કાર્યરત વિવિધ યોજનાઓ, પારદર્શિતા માટે લેવાયેલાં વિવિધ પગલાંઓ વિશે પણ વાત કરી હતી અને આ નિર્ણયોને બિરદાવ્યા હતા.

આત્મનિર્ભર ભારત અભિયાનથી પણ દેશના નાગરિકોમાં એક રાષ્ટ્રવાદની નવી ઊર્જાનો સંચાર થયો છે, રાષ્ટ્રનિર્માણમાં નાગરિકો તેમનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. ભૂતકાળમાં છાશવારે દેશમાં આતંકવાદી હુમલાઓ અને બોમ્બ બ્લાસ્ટ થતા, અનેક નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવવા પડતા અને દેશની સરકાર ફક્ત અને ફક્ત દેખતે હૈં... સોચતે હૈં...નો અભિગમ દાખવતી, પણ આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ અને નિર્ણાયક નેતૃત્વમાં દેશની આંતરિક સુરક્ષા મજબૂત થઈ છે, દેશમાં આતંકવાદી હુમલાઓ થતા અટક્યા છે, ઉરી અને પુલવામા બાદ સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી દેશના બહાદુર જવાનોએ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો છે. દેશના નાગરિકો આજે પોતાને સુરક્ષિત મહેસૂસ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કુશળ વિદેશનીતિને કારણે આજે વિશ્વભરમાં ભારતનું સન્માન, તિરંગાનું સન્માન વધ્યું છે, વિશ્વભરમાં વસતા ભારતીયો પણ સન્માન અને ગૌરવની અનુભૂતિ કરી રહ્યા છે. દેશનું ભવિષ્ય ઉજ્જવળ છે કેમ કે, આપણી પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા પ્રજાલક્ષી નીતિ અને સાફ નિયત ધરાવતા નેતા છે, આવો, આપણે સૌ સાથે મળીને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'ના મંત્ર સાથે વિકાસની આ અવિરત યાત્રાને આગળ ધપાવીએ.

આ વર્ચ્યુઅલ રેલીનું લાઈવ પ્રસારણ ફેસબુક, ટ્વીટર અને યુ-ટ્યૂબ પર ભાજપા ગુજરાતના પેજ પરથી કરવામાં આવ્યું હતું. ●





## અટલ ટનલ એ જ આત્મવિશ્વાસનું પ્રતીક છે

# દેશના હિતથી વધુ, દેશની સુરક્ષાથી વધુ અમારે માટે બીજું કંઈ પણ નથી - શ્રી નરેન્દ્રભાઈ મોદી

આજનો દિવસ ખૂબ જ ઐતિહાસિક છે. આજે માત્ર અટલજીનું જ સપનું પૂરું નથી થયું, પરંતુ આજે હિમાચલ પ્રદેશના કરોડો લોકોની પણ દાયકાઓ સુધી જોવાયેલી પ્રતીક્ષાનો અંત આવ્યો છે.

**હું અને ધૂમલજી તેમની આગળ લાગેલા રહેતા હતા તે ભલામણ અટલજીનું સપનું બની ગયું, સંકલ્પ બની ગયો અને આજે આપણે તેને એક સિદ્ધિના રૂપમાં આપણી નજર સમક્ષ જોઈ રહ્યા છીએ**

મારું બહુ મોટું સૌભાગ્ય છે કે આજે મને અટલ ટનલનું લોકાર્પણ કરવાનો અવસર મળ્યો છે અને જેમ કે હમણાં રાજનાથજીએ જણાવ્યું કે હું અહીંયાં સંગઠનનું કામ જોતો હતો, અહીંયાના પહાડો, અહીંયાની ખીણોમાં હું મારો ખૂબ શ્રેષ્ઠ સમય વિતાવતો હતો અને જ્યારે અટલજી મનાલીમાં આવીને રહેતા હતા તો અવારનવાર તેમની પાસે બેસવાનું, વાતચીત કરવી. અને હું અને ધૂમલજી એક દિવસ ચા પીતાં પીતાં આ વિષયને ખૂબ આગ્રહ સાથે તેમની સમક્ષ મૂકી રહ્યા હતા. અને જેમ કે અટલજીની વિશેષતા હતી કે તેઓ ખૂબ આંખો ખોલીને ખૂબ ઊંડાણથી અમને વાંચી રહ્યા હતા કે અમે શું કહી રહ્યા છીએ. તેઓ માથું ધુણાવી દેતા હતા કે હા ભાઈ. પરંતુ આખરે જે વાતને લઈને હું અને ધૂમલજી તેમની આગળ લાગેલા રહેતા હતા તે ભલામણ અટલજીનું સપનું બની ગયું, સંકલ્પ બની ગયો અને આજે આપણે તેને એક સિદ્ધિના રૂપમાં આપણી નજર સમક્ષ જોઈ રહ્યા છીએ. તેના લીધે જીવનમાં કેટલો મોટો સંતોષ મળી શકે છે તમે કલ્પના કરી શકો છો.

હવે આ થોડી મિનિટો પહેલાં આપણે બધાએ એક મૂવી પણ જોઈ અને મેં ત્યાં એક ચિત્ર પ્રદર્શન પણ જોયું - ધી મેકિંગ ઓફ અટલ ટનલ. અવારનવાર લોકાર્પણની ઝાકઝમાળમાં એ લોકો ક્યાંક પાછળ રહી જાય છે જેમના પરિશ્રમ દ્વારા જ આ બધું શક્ય બન્યું હોય છે. અભેદ્ય પીર પાંજલ તેને ભેદીને એક અત્યંત કઠોર સંકલ્પને આજે પૂરો કરવામાં આવ્યો છે. આ મહાયજ્ઞમાં પોતાનો પરસેવો વહાવનારા, પોતાનો જીવ જોખમમાં નાખનારા મહેનતુ જવાનોને, એન્જિનિયરોને, તમામ શ્રમિક ભાઈબહેનોને આજે હું આદરપૂર્વક નમન કરું છું.


સાથીઓ, અટલ ટનલ હિમાચલ પ્રદેશના એક મોટા ભાગની સાથે સાથે નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લેહ લદ્દાખની પણ જીવાદોરી બનવા જઈ રહી છે. હવે સાચા અર્થમાં હિમાચલ પ્રદેશનું આ મોટું ક્ષેત્ર અને લેહ લદ્દાખ દેશના બાકી ભાગો સાથે હંમેશા જોડાયેલ રહેશે, પ્રગતિ પથ પર ઝડપથી આગળ વધશે.

આ ટનલ દ્વારા મનાલી અને કેલોન્ગની વચ્ચેનું અંતર ૩-૪ કલાક ઓછું થઈ જ જશે. પહાડનાં મારાં ભાઈ-બહેનો સમજી શકે છે કે પહાડ પર ૩-૪ કલાકનું અંતર ઓછું થવું એનો અર્થ શું થાય છે.

સાથીઓ, લેહ લદ્દાખના ખેડૂતો, માળીઓ, યુવાનો માટે પણ હવે દેશની રાજધાની દિલ્હી અને અન્ય બજારો સુધીની તેમની પહોંચ સરળ બની જશે. તેમનું જોખમ પણ ઓછું થઈ જશે. એટલું જ નહિ, આ ટનલ દેવધરા હિમાચલ અને બુદ્ધ પરંપરાના તે જોડાણને પણ સશક્ત કરવાની છે કે જે ભારતથી નીકળીને આજે આખી દુનિયાને નવી રાહ, નવો પ્રકાશ પ્રદર્શિત કરી રહી છે. તેના માટે હિમાચલ અને લેહ લદ્દાખના તમામ સાથીઓને ખૂબ ખૂબ અભિનંદન!

**અટલ ટનલ ભારતની સરહદ ઇન્ફ્રાસ્ટ્રકચરને પણ નવી તાકાત આપવા જઈ રહી છે**

સાથીઓ, અટલ ટનલ ભારતની સરહદ ઈન્ફ્રાસ્ટ્રકચરને પણ નવી તાકાત આપવા જઈ રહી છે. આ વિશ્વસ્તરીય સરહદ સંપર્કનું જીવતું જાગતું ઉદાહરણ છે. હિમાલયનો તે ભાગ હોય, કે પછી પશ્ચિમ ભારતનો રણવિસ્તાર હોય કે પછી દક્ષિણ અને પૂર્વી ભારતનો દરિયાઈ વિસ્તાર હોય, તે બધા દેશની સુરક્ષા અને સમૃદ્ધિ, બંનેના બહુ મોટાં સંસાધનો છે. હંમેશથી આ ક્ષેત્રોના સંતુલન અને સંપૂર્ણ વિકાસને લઈને અહીંયાંના ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ સારું બનાવવાની માંગણી થતી રહી છે,



પરંતુ લાંબા સમય સુધી આપણે ત્યાં બોર્ડર સાથે જોડાયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ્સ કાં તો પ્લાનિંગના સ્ટેજમાંથી બહાર જ નથી નીકળી શક્યા અથવા તો જે નીકળ્યા છે તે અટકીને પડેલા રહ્યા, લટકેલા રહ્યા, ભટકેલા રહ્યા. અટલ ટનલની સાથે પણ ક્યારેક ક્યારેક તો આવું જ કંઈક અનુભવાયું પણ છે.

વર્ષ ૨૦૦૨માં અટલજીએ આ ટનલ માટે એપ્રોચ રોડનો શિલાન્યાસ કર્યો હતો. અટલજીની સરકાર ગયા બાદ જે રીતે આ કામને ભુલાવી દેવામાં આવ્યું. હાલત એવી હતી કે વર્ષ ૨૦૧૩-૧૪ સુધી ટનલની માટે માત્ર ૧૩૦૦ મીટર એટલે કે દોઢ કિલોમીટર કરતાં પણ ઓછું કામ થઈ શક્યું હતું.

નિષ્ણાતો જણાવે છે કે જે ગતિએ અટલ ટનલનું કામ તે સમયે થઈ રહ્યું હતું, જો તે જ ગતિએ ચાલુ રહ્યું હોત તો આ સુરંગ વર્ષ ૨૦૪૦માં જઈને કદાચ પૂરી થઈ શકી હોત. તમે જરા કલ્પના કરો કે તમારી આજે જે ઉંમર છે, તેમાં ૨૦ વર્ષ બીજાં ઉમેરી દો ત્યારે જઈને લોકોના જીવનમાં આ દિવસ આવવાનો હતો, તેમનું સપનું પૂરું થવાનું હતું.

જ્યારે વિકાસના પથ પર ઝડપથી આગળ વધવું હોય, જ્યારે દેશના લોકોના વિકાસની પ્રબળ ઇચ્છા હોય, તો ગતિ વધારવી જ પડે છે. અટલ ટનલના કામમાં પણ ૨૦૧૪ પછી અભૂતપૂર્વ ગતિ લાવવામાં આવી. બીઆરઓ સમક્ષ આવનારી તમામ મુશ્કેલીને ઉકેલવામાં આવી.

**માત્ર ૬ વર્ષની અંદર અમે ૨૬ વર્ષનું કામ પૂર્ણ કરી નાખ્યું**

તેનું પરિણામ એ આવ્યું કે જ્યાં દર વર્ષે ૩૦૦ મીટર સુરંગ બની રહી હતી તેની ગતિ વધીને ૧૪૦૦ મીટર પ્રતિ વર્ષ થઈ ગઈ. માત્ર ૬ વર્ષની અંદર અમે ૨૬ વર્ષનું કામ પૂર્ણ કરી નાખ્યું. સાથીઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આટલા મહત્ત્વપૂર્ણ અને મોટા પ્રોજેક્ટના નિર્માણમાં વિલંબ થવાથી દેશનું બધી રીતે નુકસાન થાય છે. તેનાથી લોકોને સુવિધા મળવામાં તો મોડું થાય જ છે પરંતુ સાથે સાથે તેનું પરિણામ દેશને આર્થિક સ્તર ઉપર પણ વેઠવું પડે છે.

વર્ષ ૨૦૦૫માં એવું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, કે આ ટનલ લગભગ સાડા નવસો કરોડ રૂપિયામાં તૈયાર થઈ જશે પરંતુ સતત થઈ રહેલ વિલંબના કારણે આજે તે ત્રણગણી કરતાં પણ વધુ એટલે કે લગભગ લગભગ ૩૨૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચ કર્યા પછી પૂરી થઈ શકી છે. જરા કલ્પના કરો કે જો ૨૦ વર્ષ વધારે લાગી જાત તો શું હાલત થઈ હોત.

સાથીઓ, સંપર્કનો દેશના વિકાસ સાથે સીધો સંબંધ હોય છે. વધુમાં વધુ સંપર્ક એટલે કે તેટલો જ વધુ ઝડપી વિકાસ. ખાસ કરીને બોર્ડર વિસ્તારમાં તો સંપર્ક સીધેસીધો દેશની સુરક્ષા જરૂરિયાતો સાથે જોડાયેલો હોય છે. પરંતુ તેને લઈને જે રીતે ગંભીરતા હતી અને તેની માટે જેટલી ગંભીરતાની જરૂરિયાત હતી, જે રીતની રાજનૈતિક ઈચ્છાશક્તિની જરૂરિયાત હતી, દુર્ભાગ્યે તે જોવા નહોતી મળી.

**વ્યૂહાત્મક દૃષ્ટિએ અને સુવિધાની દૃષ્ટિએ ભલે ગમે તેટલા મહત્ત્વપૂર્ણ કેમ ના રહ્યા હોય પરંતુ વર્ષો સુધી તેની અવગણના કરવામાં આવી છે**

અટલ ટનલની જેમ જ અનેક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ સાથે આવો જ વ્યવહાર કરવામાં આવ્યો. લદ્દાખમાં દૌલત બેગ ઓલ્ડીના રૂપમાં વ્યૂહાત્મક રૂપે ખૂબ મહત્ત્વપૂર્ણ એર સ્ટ્રીપ ૪૦-૫૦ વર્ષ સુધી બંધ રહી હતી. શું મજબૂરી હતી, એવું કયું દબાણ હતું, હું તેમાં ઊંડો જવા માંગું છું. તે વિષયમાં ઘણું બધું કહેવાઈ ચૂક્યું છે, ઘણું બધુ લખાઈ ચૂક્યું છે. પરંતુ વાસ્તવિકતા તો એ જ છે કે દૌલત બેગ ઓલ્ડીની એર સ્ટ્રીપ વાયુસેનાના પોતાના ઈરાદાઓના કારણે જ શરૂ થઈ શકી છે, તેમાં રાજનૈતિક ઈચ્છાશક્તિ ક્યાંય જોવા નહોતી મળી. સાથીઓ, હું એવા ડઝનબંધ પ્રોજેક્ટ તમને ગણાવી શકું છું કે જે વ્યૂહાત્મક દૃષ્ટિએ અને સુવિધાની દૃષ્ટિએ ભલે ગમે તેટલા મહત્ત્વપૂર્ણ કેમ ના રહ્યા હોય પરંતુ વર્ષો સુધી તેની અવગણના કરવામાં આવી છે.

**બોગીબિલ પુલ પર પણ અટલજીની સરકારના સમય દરમિયાન કામ શરૂ થયું હતું**

મને યાદ છે કે હું લગભગ બે વર્ષ પહેલાં અટલજીના જન્મદિવસના અવસર પર આસામમાં હતો. ત્યાં આગળ ભારતના સૌથી લાંબા રેલ રોડ બ્રિજ 'બોગીબિલ પુલ' દેશને સમર્પિત કરવાનો અવસર મને મળ્યો હતો. આ પુલ આજે ઉત્તર પૂર્વ અને અરુણાચલ પ્રદેશ સાથે સંપર્કનું બહુ મોટું માધ્યમ બની રહ્યો છે. બોગીબિલ પુલ પર પણ અટલજીની સરકારના સમય દરમિયાન કામ શરૂ થયું હતું, પરંતુ તેમની સરકાર ગયા બાદ ફરી પાછું આ પુલનું કામ ઢીલું પડી ગયું. વર્ષ ૨૦૧૪ પછી આ કામે પણ ગતિ પકડી અને ચાર વર્ષની અંદર અંદર આ પુલનું કામ પૂરું કરી દેવામાં આવ્યું. અટલજીની સાથે જ એક અન્ય પુલનું નામ જોડાયેલું છે - કોસી મહાસેતુનું. બિહારમાં મિથિલાંચલના બે ભાગોને જોડનારા કોસી મહાસેતુનો શિલાન્યાસ પણ અટલજીએ જ કર્યો હતો, પરંતુ તેનું કામ પણ અટવાયેલું રહ્યું, ગુંચવાયેલું રહ્યું.

**૨૦૧૪માં અમે સરકારમાં આવ્યા બાદ કોસી મહાસેતુનું કામ પણ અમે ઝડપી કરાવ્યું**

૨૦૧૪માં સરકારમાં આવ્યા બાદ કોસી મહાસેતુનું કામ પણ અમે ઝડપી




**આવો, આપણે સહુ મળીને એક એવા ભારતનું નિર્માણ કરીએ, જેના પર આ મહાપુરુષોને ગર્વની અનુભૂતિ થાય. તેમના સપનાને આપણો સંકલ્પ બનાવીએ**



મારા પ્રિય દેશવાસીઓ, આવનારા દિવસોમાં આપણે દેશવાસીઓ કેટલાય મહાન લોકોને યાદ કરીશું, જેનું ભારતના નિર્માણમાં અમિટ યોગદાન છે. ૦૨ ઓક્ટોબર આપણા બધા માટે પવિત્ર અને પ્રેરક દિવસ હોય છે. આ દિવસ મા ભારતીના બે સપૂતો, મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીને યાદ કરવાનો દિવસ છે.

પૂજ્ય બાપુના વિચાર અને આદર્શ આજે પહેલાંથી ઘણા વધારે પ્રાસંગિક છે. મહાત્મા ગાંધીનું જે આર્થિક ચિંતન હતું, જો તે જ સ્પિરિટને પકડવામાં આવ્યો હોત, સમજવામાં આવ્યો હોત, એ માર્ગ પર ચાલવામાં આવ્યું હોત, તો આજે આત્મનિર્ભર ભારત અભિયાનની જરૂરિયાત ન પડી હોત. ગાંધીજીના આર્થિક ચિંતનમાં ભારતની નસે-નસની સમજ હતી, ભારતની મહેક હતી. પૂજ્ય બાપુનું જીવન આપણને યાદ અપાવે છે કે આપણે એ સુનિશ્ચિત કરીએ કે આપણું આ કાર્ય એવું હોય, જેનાથી ગરીબથી ગરીબ વ્યક્તિનું ભલું થાય. તો શાસ્ત્રીજીનું જીવન આપણને વિનમ્રતા અને સાદગીનો સંદેશ આપે છે. ૧૧ ઓક્ટોબરનો દિવસ પણ આપણા માટે ઘણો જ વિશેષ હોય છે. આ દિવસે આપણે ભારત રત્ન લોકનાયક જયપ્રકાશજીનું તેમની જયંતી પર સ્મરણ કરીએ છીએ. જે.પી.એ આપણા લોકતાંત્રિક મૂલ્યોની રક્ષામાં અગ્રણી ભૂમિકા નિભાવી છે. આપણે ભારત રત્ન નાનાજી દેશમુખને પણ યાદ કરીએ છીએ, જેમની જયંતી પણ ૧૧ તારીખે જ છે. નાનાજી દેશમુખ, જયપ્રકાશ નારાયણજીના બહુ જ નજીકના સાથી હતા. જ્યારે જે.પી. ભ્રષ્ટાચાર સામે લડાઈ લડી રહ્યા હતા, તો પટનામાં તેમના પર પ્રાણઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે નાનાજી દેશમુખે તે હુમલો પોતાના પર લઈ લીધો હતો. આ હુમલામાં નાનાજીને ઘણી ઈજા પહોંચી હતી, પરંતુ જે.પી.નું જીવન બચાવવામાં તેઓ સફળ રહ્યા હતા. આ ૧૨ ઓક્ટોબરે રાજમાતા વિજયારાજે સિંધિયાજીની પણ જયંતી છે, તેમણે પોતાનું આખું જીવન લોકોની સેવામાં સમર્પિત કરી દીધું. તેઓ એક રાજપરિવારમાંથી હતાં, તેમની પાસે સંપત્તિ, શક્તિ અને બીજાં સંસાધનોની કોઈ જ અછત નહોતી. પરંતુ તેમ છતાં તેમણે પોતાનું જીવન, એક માની જેમ વાત્સલ્યભાવથી જન-સેવા માટે ખપાવી દીધું. તેમનું હૃદય ઘણું જ ઉદાર હતું. આ ૧૨ ઓક્ટોબરના દિવસે તેમની જન્મ-શતાબ્દી વર્ષના સમારોહનો સમાપન દિવસ હશે, અને આજે જ્યારે હું રાજમાતાજીની વાત કરી રહ્યો છું, તો મને પણ એક બહુ જ ભાવુક ઘટના યાદ આવે છે. આમ તો તેમની સાથે ઘણાં વર્ષો સુધી કામ કરવાનો મોકો મળ્યો, કેટલીયે ઘટનાઓ છે. પરંતુ મારું મન કરે છે, આજે એક ઘટનાનો જરૂર ઉલ્લેખ કરું. કન્યાકુમારીથી કાશ્મીર, અમે એકતા યાત્રા લઈને નીકળ્યા હતા. ડૉ.મુરલી મનોહર જોશીજીના નેતૃત્વમાં યાત્રા ચાલી રહી હતી. ડિસેમ્બર, જાન્યુઆરી કડકડતી ઠંડીના દિવસો હતા. અમે રાત્રે લગભગ બાર - એક વાગ્યે, મધ્યપ્રદેશ, ગ્વાલિયર પાસે શિવપુરી પહોંચ્યા, નિવાસસ્થાન પર જઈને, કારણ કે દિવસભરનો થાક હતો, ન્હાઈ-ધોઈને સૂતા હતા, અને સવારની તૈયારી કરી લેતા હતા. લગભગ ૨ વાગ્યા હશે, હું ન્હાઈ-ધોઈને સૂવાની તૈયારી કરી રહ્યો હતો, તો કોઈએ દરવાજો ખખડાવ્યો. મેં દરવાજો ખોલ્યો તો રાજમાતા સાહેબ સામે ઊભાં હતાં. કડકડતી ઠંડીના દિવસો અને રાજમાતા સાહેબને જોઈને હું હેરાન હતો. મેં માને પ્રણામ કર્યા, મેં કીધું, મા અડધી રાત્રે ? તેઓ બોલ્યાં, નહીં બેટા, આપ, એમ કરો, મોદીજી દૂધ પી લ્યો, આ ગરમ દૂધ પીને જ સૂઈ જાઓ. હળદરવાળું દૂધ પોતે લઈને આવ્યાં. હા,.. પરંતુ જ્યારે બીજા દિવસે મેં જોયું, તે માત્ર મને જ નહીં, અમારી યાત્રાની વ્યવસ્થામાં જે ૩૦-૪૦ લોકો હતા, તેમાં ડ્રાઈવર પણ હતા, અન્ય કાર્યકર્તાઓ પણ હતા, દરેકના ઓરડામાં જઈને પોતે રાત્રે ૨ વાગ્યે બધાને દૂધ પીવડાવ્યું. માનો પ્રેમ શું હોય છે, વાત્સલ્ય શું હોય છે, તે ઘટનાને હું ક્યારેય નહીં ભૂલી શકું. એ અમારું સૌભાગ્ય છે કે આવા મહાન વિભૂતિઓએ આપણી ધરતીને પોતાના ત્યાગ અને તપસ્યાથી સીંચ્યા છે.

•



કરાવ્યું. હમણાં થોડા દિવસો પહેલાં જ કોસી મહાસેતુનું પણ લોકાર્પણ કરવામાં આવી ચૂક્યું છે.

સાથીઓ, દેશના લગભગ પ્રત્યેક વિસ્તારમાં કનેક્ટિવિટીના મોટા-મોટા પ્રોજેક્ટ્સની આ જ હાલત રહી છે. પરંતુ હવે સ્થિતિ બદલાઈ રહી છે અને ઘણી ઝડપભેર બદલાઈ રહી છે. વીતેલાં ૬ વર્ષોમાં આ દિશામાં અભૂતપૂર્વ પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે પૂરેપૂરી શક્તિ લગાડવામાં આવી છે.

હિમાલય ક્ષેત્રમાં, ભલે તે હિમાચલ હોય, જમ્મુ કાશ્મીર હોય, કારગીલ-લેહ-લદ્દાખ હોય, ઉત્તરાખંડ હોય, સિક્કિમ હોય, અરુણાચલ પ્રદેશ હોય, પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા છે અને અનેક પ્રોજેક્ટ્સ ઉપર ઝડપભેર કામ ચાલી રહ્યું છે. માર્ગ બનાવવાનાં કામ હોય, પુલ બનાવવાનાં કામ હોય, સુરંગ બનાવવાનાં કામ હોય, અગાઉ ક્યારેય દેશમાં આ ક્ષેત્રોમાં આટલા મોટા પાયે કામ નથી થયાં. આનો ઘણો મોટો લાભ સામાન્ય લોકોની સાથે સાથે આપણા લશ્કરનાં ભાઈ-બહેનોને પણ થઈ રહ્યો છે. ઠંડીની મોસમમાં તેમના સુધી સાધન-સરંજામ પહોંચાડવાનાં હોય, તેમની સુરક્ષા સંબંધિત માલસામાન હોય, તેઓ સુગમતાપૂર્વક પેટ્રોલિંગ કરી શકે, એ માટે માર્ગો બાંધવામાં આવી રહ્યા છે. દેશની સુરક્ષા માટેની આવશ્યકતાઓ, દેશની સુરક્ષા કરવાવાળાઓની જરૂરિયાતો ધ્યાન ઉપર રાખવી, તેમનાં હિતોને ધ્યાનમાં રાખવાં, એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે.

**કેન્દ્ર સરકારે લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયા ભૂતપૂર્વ લશ્કરી જવાનોને આપ્યા છે**

હિમાચલ પ્રદેશના આપણાં ભાઈ-બહેનોને આજે પણ યાદ છે કે વન રેન્ક વન પેન્શન માટે અગાઉની સરકારોનું વર્તન કેવું હતું. ચાર દાયકાઓ સુધી આપણા લશ્કરના ભૂતપૂર્વ જવાનોને ફક્ત વાયદા જ કરવામાં આવ્યા. કાગળ ઉપર ફક્ત ૫૦૦ કરોડ રૂપિયા બતાવીને એ લોકો કહેતા હતા કે વન રેન્ક વન પેન્શનનો અમલ કરીશું. પરંતુ એ પછી પણ અમલ ન કર્યો. આજે વન રેન્ક - વન પેન્શનનો લાભ દેશના લાખો લશ્કરના ભૂતપૂર્વ જવાનોને મળી રહ્યો છે. ફક્ત એરિયર તરીકે જ કેન્દ્ર સરકારે લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયા ભૂતપૂર્વ લશ્કરી જવાનોને આપ્યા છે.

હિમાચલ પ્રદેશના પણ આશરે એક લાખ સૈનિક સાથીઓને તેનો લાભ મળ્યો છે. અમારી સરકારના નિર્ણયો સાક્ષી છે કે અમે જે નિર્ણયો લીધા, તે અમે અમલ કરીને બતાવીએ છીએ. દેશના હિતથી વધુ, દેશની સુરક્ષાથી વધુ, અમારે માટે બીજું કંઈ પણ નથી. પરંતુ દેશે લાંબા સમય સુધી એવો સમય પણ જોયો છે, જ્યારે દેશની સુરક્ષાનાં હિતો સાથે સમાધાન કરાયું હોય. દેશની વાયુસેના આધુનિક ફાઈટર પ્લેન માંગતી રહી. એ લોકો ફાઈલ ઉપર ફાઈલ, ફાઈલ ઉપર ફાઈલ, ક્યારેક ફાઈલ ખોલતા હતા, ક્યારેક ફાઈલ સાથે રમત રમતા હતા.

શસ્ત્રો અને દારૂગોળો હોય, આધુનિક રાયફલો હોય, બુલેટપ્રૂફ જેકેટ્સ હોય, કડકડતી ઠંડીમાં કામ આવતાં સાધનો અને અન્ય સામાન હોય, બધું જ નેવે મૂકી દેવામાં આવ્યું હતું. એક સમય હતો, જ્યારે આપણાં શસ્ત્ર-સરંજામનાં કારખાનાંની તાકાત, ભલભલાના હોશ ઉડાવી દેતી હતી. પરંતુ દેશનાં શસ્ત્ર-સરંજામનાં કારખાનાંને પોતાની હાલત પર છોડી મૂકવામાં આવ્યાં.

દેશમાં સ્વદેશી લડાયક વિમાનો, હેલિકોપ્ટરો માટે એચએએલ જેવી વિશ્વસ્તરીય સંસ્થા બનાવવામાં આવી, પરંતુ તેને મજબૂત કરવા ઉપર એટલું ધ્યાન ન અપાયું. વર્ષો સુધી સત્તામાં બેઠેલા લોકોના સ્વાર્થે આપણી સૈન્યક્ષમતાઓને મજબૂત થતાં અટકાવી, તેનું નુકસાન કર્યું છે.

જે તેજસ લડાયક વિમાન ઉપર આજે દેશને ગર્વ છે, તેને પણ આ લોકોએ ડબ્બામાં બંધ કરી દેવાની તૈયારી કરી લીધી હતી. આ હતી આ લોકોનું સત્ય, આ છે આ લોકોનું સત્ય.

સાથીઓ, હવે આજે દેશમાં આ સ્થિતિ બદલાઈ રહી છે. દેશમાં જ આધુનિક અસ્ત્ર-શસ્ત્ર બને, મેઈક ઈન ઈન્ડિયા હથિયાર બને, એ માટે મોટા સુધારા કરવામાં આવ્યા છે. લાંબો સમય રાહ જોયા બાદ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફની વ્યવસ્થા હવે આપણી સિસ્ટમનો ભાગ છે.

તેનાથી દેશની સેનાઓની આવશ્યકતાઓ મુજબ પ્રક્યોરમેન્ટ (ખરીદી) અને પ્રોડક્શન (ઉત્પાદન) બંનેમાં વધુ તાલમેળ સ્થાપિત થયો છે. હવે અનેક એવાં સાધન-સરંજામ છે, જેને વિદેશથી મંગાવવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એ સામાન હવે ફક્ત ભારતીય એકમો પાસેથી જ ખરીદવાનું ફરજિયાત બનાવાયું છે.

સાથીઓ, ભારતમાં ડિફેન્સ ઈન્ડસ્ટ્રીમાં વિદેશી રોકાણ અને વિદેશી ટેક્નિક પ્રવેશી શકે તે માટે હવે ભારતીય સંસ્થાઓને અનેક પ્રકારનાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યાં છે. જેમ-જેમ ભારતની વૈશ્વિક ભૂમિકા બદલાઈ રહી છે, આપણે એટલી જ ઝડપથી, એ જ ગતિથી આપણા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને, આપણા આર્થિક અને સૈન્યને લગતા વ્યૂહાત્મક સામર્થ્યને પણ વધારવાનું છે.

આત્મનિર્ભર ભારતનો આત્મવિશ્વાસ આજે લોકોના વિચારનો હિસ્સો બની ચૂક્યો છે. અટલ ટનલ એ



જ આત્મવિશ્વાસનું પ્રતીક છે.

ફરી એકવાર હું આપ સહુને, હિમાચલ પ્રદેશને અને લેહ-લદ્દાખના લાખો સાથીઓને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ અને ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

**અનુભવ તેઓ પોતાની ભાષામાં લખે. ૧૫૦૦ લોકો સમગ્ર કોશિશનું શબ્દનિરૂપણ કરશે**

હિમાચલ ઉપર મારો કેટલો અધિકાર છે, એ તો હું નથી કહી શકતો, પરંતુ હિમાચલનો મારા ઉપર ખૂબ અધિકાર છે. આજના આ કાર્યક્રમમાં સમય ઘણો ઓછો હોવા છતાં પણ આપણા હિમાચલના પ્રેમે મારા ઉપર એટલું દબાણ કર્યું કે ત્રણ કાર્યક્રમ બનાવી દીધા. આના પછી મારે બીજા બે કાર્યક્રમમાં ઘણા ઓછા સમયમાં બોલવાનું છે. અને એટલે જ હું અહીં વધારે ન કહેતાં કેટલીક વાતો બીજા બે કાર્યક્રમોમાં પણ કહેવાનો છું.

પરંતુ કેટલાંક સૂચનો હું અહીં અવશ્ય આપવા માંગું છું. મારાં આ સૂચનો ભારત સરકારના રક્ષા મંત્રાલય માટે પણ છે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય માટે પણ છે અને બીઆરઓ માટે ખાસ પણ છે - એક, આ ટનલનું કામ એન્જિનિયરીંગની દૃષ્ટિએ, વર્ક કલ્ચરની દૃષ્ટિએ યુનિક છે. પાછલાં વર્ષોમાં, જ્યારે તેનું ડિઝાઈનિંગનું કામ શરૂ થયું, કાગળ ઉપર લખવાનું શરૂ થયું, ત્યારથી અત્યાર સુધીમાં. જો ૧000-૧૫૦૦ જગ્યાઓ એવી પસંદ કરાય, મજૂર પણ હોઈ શકે છે અને ટોચની વ્યક્તિ પણ હોઈ શકે છે. તેમણે જે કામ કર્યું છે, તેનો તેમને પોતાને જે અનુભવ થયો છે, એ અનુભવ તેઓ પોતાની ભાષામાં લખે. ૧૫૦૦ લોકો સમગ્ર કોશિશનું શબ્દનિરૂપણ કરશે, ક્યારે, શું, શા માટે થયું, કેવી રીતે થયું, તો તે એક એવો દસ્તાવેજ હશે, જેમાં માનવીય સ્પર્શ હશે. જ્યારે કામ ચાલુ હતું, ત્યારે તે શું વિચારતો હતો, ક્યારેક મુશ્કેલી આવી તો તેને શું લાગ્યું. એક સારો દસ્તાવેજ, હું શૈક્ષણિક દસ્તાવેજની વાત નથી કરી રહ્યો, આ એવો દસ્તાવેજ હશે, જેમાં માનવીય સ્પર્શ હોય. જેમાં મજૂર કામ કરી રહ્યો હશે, તેના સુધી કેટલાક દિવસ ખાવાનું નહીં પહોંચ્યું હોય, કેવી રીતે કામ કર્યું હશે, એ વાતનું પણ ઘણું મહત્ત્વ છે. ક્યારેક કોઈ સામાન પહોંચાડવાવાળો હશે, બરફને કારણે પહોંચી નહીં શક્યો હોય, તેણે કેવી રીતે કામ કર્યું હશે.

ક્યારેક કોઈ પડકાર ઊભો થયો હશે, તો કોઈ એન્જિનિયરે તેનો કેવી રીતે સામનો કર્યો હશે. હું ઈચ્છું છું કે ઓછામાં ઓછા ૧૫૦૦ લોકો, દરેક સ્તરે કામ કરવાવાળા લોકો, પાંચ પાનાં, છ પાનાં, ૧૦ પાનાંમાં પોતાના અનુભવ લખે. કોઈ એક વ્યક્તિને જવાબદારી આપો, પછી તે અનુભવોને થોડા મઠારીને ભાષાકીય સુધારા કરીને દસ્તાવેજ બનાવી દેવાય અને છાપવાની જરૂર નથી, ડિજિટલ બનાવી દેવાશે તો પણ ચાલશે.

**યુનિવર્સિટીઓના બાળકોને કેસ સ્ટડીનું કામ આપવામાં આવે**

બીજું, શિક્ષણ મંત્રાલયને મારો આગ્રહ છે કે આપણા દેશમાં જેટલી પણ ટેક્નિકલ અને એન્જિનિયરીંગથી જોડાયેલી યુનિવર્સિટીઝ છે, તે યુનિવર્સિટીઓના બાળકોને કેસ સ્ટડીનું કામ આપવામાં આવે. અને દરેક વર્ષે એક-એક યુનિવર્સિટીમાંથી આઠ-દસ બાળકોની બેચ અહીં આવે, કેસ સ્ટડીનો કેવી રીતે વિચાર આવ્યો, કેવી રીતે બન્યો, કેવા પડકારો આવ્યા, કેવી રીતે ઉકેલ નીકળ્યા અને દુનિયામાં સૌથી ઊંચી અને સૌથી લાંબી જગ્યા ઉપર વિશ્વભરમાં ખ્યાતિ મેળવનારી આ ટનલનું એન્જિનિયરીંગ જ્ઞાન આપણા દેશના વિદ્યાર્થીઓને હોવું જોઈએ.

**મર્યાદિત સંસાધનો હોવા છતાં પણ વર્તમાન પેઢીના આપણા યુવાન કેવું અદ્ભુત કામ કરી શકે છે, તેની માહિતી દુનિયાને હોવી જોઈએ**

એટલું જ નહીં, વૈશ્વિક સ્તરે પણ હું ઈચ્છીશ કે વિદેશ સંબંધિત બાબતોના મંત્રાલયના કેટલાક લોકો કેટલીક યુનિવર્સિટીઓને આમંત્રણ આપે. ત્યાંની યુનિવર્સિટીઓ અહીં કેસ સ્ટડી માટે આવે. પ્રોજેક્ટ ઉપર અભ્યાસ કરે. દુનિયામાં આપણી તાકાતનો પરિચય થવો જોઈએ. વિશ્વને આપણી તાકાતનો પરિચય હોવો જોઈએ. મર્યાદિત સંસાધનો હોવા છતાં પણ વર્તમાન પેઢીના આપણા યુવાન કેવું અદ્ભુત કામ કરી શકે છે, તેની માહિતી દુનિયાને હોવી જોઈએ.


અને એટલે જ હું ઈચ્છું કે સંરક્ષણ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, વિદેશ સંબંધિત બાબતોનાં મંત્રાલય, બીઆરઓ, સહુ સાથે મળીને એક રીતે સતત આ ટનલના કાર્યના શિક્ષણનો હિસ્સો બની જાય. આપણી એક સમગ્ર નવી પેઢી તેનાથી તૈયાર થઈ જશે તો ટનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનશે, પરંતુ મનુષ્યનિર્માણ પણ એક ઘણું મોટું કામ હોય છે. આપણા એન્જિનિયરોને શ્રેષ્ઠ બનાવવાનું કામ પણ આ ટનલ કરી શકે છે અને આપણે આ દિશામાં પણ કામ કરીએ.

હું ફરી એકવાર તમને સહુને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું. અને હું એ જવાનોને પણ અભિનંદન પાઠવું છું, જેમણે આ કામને કાબેલિયતપૂર્વક નિભાવ્યું, સરસ રીતે પૂરું કર્યું અને દેશનું માન વધાર્યું છે.

ખૂબ-ખૂબ આભાર!!!

•

## ૭૫મા સંયુક્ત રાષ્ટ્ર મહાસભા અધિવેશન (યુએનજીએ) ૨૦૨૦માં પ્રધાનમંત્રીનું સંબોધન





# ભારતનો અવાજ માનવતા, માનવજાતિ અને માનવીય મૂલ્યોના દુશ્મન - આતંકવાદ, હથિયારોની ગેરકાનૂની તસ્કરી, ડ્રગ્ઝ, મનીલોન્ડરીંગ વગેરેની વિરુદ્ધમાં હંમેશા ગાજતો રહેશે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

**હું આપ સૌની આગળ ભારતના તમામ ૧૩૦ કરોડ લોકોની ભાવનાઓ આ વૈશ્વિક મંચ પર વ્યક્ત કરવા આવ્યો છું**

અધ્યક્ષ મહોદય,

સંયુક્ત રાષ્ટ્રની ૭૫મી વર્ષગાંઠ પર હું ભારતના ૧૩૦ કરોડથી વધુ લોકો વતી દરેક સભ્ય દેશને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. ભારતને એ વાતનો ખૂબ જ ગર્વ છે કે તે સંયુક્ત રાષ્ટ્રના સ્થાપક દેશોમાંથી એક છે. આજના ઐતિહાસિક પ્રસંગે હું આપ સૌની આગળ ભારતના તમામ ૧૩૦ કરોડ લોકોની ભાવનાઓ આ વૈશ્વિક મંચ પર વ્યક્ત કરવા આવ્યો છું.

**આજે હું સમગ્ર વૈશ્વિક સમુદાય સામે એક મોટો સવાલ રજૂ કરું છું કે જે સંસ્થાની રચના તે સમયની પરિસ્થિતિ મુજબ થઈ હતી તેનું સ્વરૂપ શું આજે પણ પ્રાસંગિક છે ?**

આજની તુલનામાં ૧૯૪૫ની દુનિયા ચોક્કસપણે ખૂબ જ અલગ હતી. સમગ્ર વિશ્વનું વાતાવરણ, સાધન અને સંપત્તિ સમસ્યાઓના ઉકેલ માટે કંઈક અલગ જ રીતે કામ કરી રહ્યા હતા. આવી પરિસ્થિતિ વચ્ચે વિશ્વકલ્યાણની ભાવના સાથે જે સંસ્થાનું નિર્માણ થયું, જે સ્વરૂપે નિર્માણ થયું તે બધું તે સમયની પરિસ્થિતિ અનુસાર થયું હતું. આજે આપણે બિલકુલ અલગ પરિસ્થિતિમાં છીએ. ૨૧મી સદીમાં આપણા વર્તમાનની, આપણા ભવિષ્યની આવશ્યકતાઓ અને પડકારો કંઈક અલગ જ છે. એટલા માટે આજે હું સમગ્ર વૈશ્વિક સમુદાય સામે એક મોટો સવાલ રજૂ કરું છું કે જે સંસ્થાની રચના તે સમયની પરિસ્થિતિ મુજબ થઈ હતી તેનું સ્વરૂપ શું આજે પણ પ્રાસંગિક છે ? સદી બદલાતી જાય અને આપણે ના બદલાઈએ તો પરિવર્તનની તાકાત પણ કમજોર થઈ જતી હોય છે. જો આપણે વીતેલાં ૭૫ વર્ષના સંયુક્ત રાષ્ટ્રની સિદ્ધિઓ તરફ નજર માંડીએ તો આપણને એવાં અનેક ઉદાહરણ જોવા મળશે કે જે સંયુક્ત રાષ્ટ્ર સામે ગંભીર મનોમંથનની જરૂરિયાત ઊભી કરે છે. એ વાત સાચી છે કે, એવું કહેવામાં આવે છે કે હજુ ત્રીજું વિશ્વયુદ્ધ થયું નથી, પરંતુ એ બાબત નકારી શકાય તેમ નથી કે અનેક યુદ્ધ થયાં છે, અનેક ગૃહયુદ્ધો પણ થયાં છે, અનેક આતંકી હુમલાઓએ સમગ્ર દુનિયાને ધ્રુજાવી મૂકી છે અને લોહીની નદીઓ પણ વહાવી દીધી છે.

**છેલ્લા ૮ - ૯ મહિનાથી સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. આ એક મહામારી સામે કામ પાર પાડવામાં સંયુક્ત રાષ્ટ્ર ક્યાં છે ?**

આ યુદ્ધમાં, આ ઘટનાઓમાં જે લોકો માર્યા ગયા હતા તે પણ આપણી જેમ માનવો જ હતા. એ



લાખો માસૂમ બાળકો કે જેમણે દુનિયા પર છવાઈ જવું હતું, તે બાળકો આ દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. અનેક લોકોને પોતાની જીવનભરની મિલકત ગુમાવવી પડી છે. પોતાનાં સપનાંને સાકાર કરવાની ભાવના ત્યજી દેવી પડી છે. એ સમયે અને આજે પણ સંયુક્ત રાષ્ટ્રના પ્રયાસો શું પૂરતા છે ? છેલ્લા ૮- ૯ મહિનાથી સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. આ એક મહામારી સામે કામ પાર પાડવામાં સંયુક્ત રાષ્ટ્ર ક્યાં છે ? એક પ્રભાવશાળી પ્રતિભાવ ક્યાં છે ?

**અમે જ્યારે મજબૂત હતા ત્યારે પણ અમે દુનિયાને કોઈ સતામણી કરી નથી**


સંયુક્ત રાષ્ટ્રની પ્રતિક્રિયાઓમાં પરિવર્તન, વ્યવસ્થાઓમાં પરિવર્તન, સ્વરૂપમાં પરિવર્તન વગેરે આજના સમયની માંગ છે. સંયુક્ત રાષ્ટ્રને ભારતમાં જે સન્માન પ્રાપ્ત થયું છે તે સન્માન ઘણા ઓછા દેશોને પ્રાપ્ત થયું હશે. તેને પૂરા થવામાં ઘણા લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. આજે ભારતના લોકોને એ બાબતની ચિંતા છે કે આ પ્રક્રિયા તેના તાર્કિક અંત સુધી કેટલા સમયમાં પહોંચશે. આખરે ક્યાં સુધી ભારતને સંયુક્ત રાષ્ટ્રના નિર્ણય કરનારા માળખાથી અલગ રાખવામાં આવશે ? ભારત એક એવો દેશ છે કે જ્યાં દુનિયાની સૌથી મોટી લોકશાહી છે. એક એવો દેશ કે જ્યાં વિશ્વના ૧૮ ટકા કરતાં વધુ લોકો નિવાસ કરે છે, એક એવો દેશ કે જ્યાં સેંકડો ભાષાઓ છે, સેંકડો બોલીઓ છે, અનેક પંથ છે, અનેક વિચારધારાઓ છે. જે દેશને સેંકડો વર્ષો સુધી વિશ્વની અર્થ વ્યવસ્થાને નેતૃત્વ કરવામાં અને તેને સેંકડો વર્ષો સુધી ગુલામી, બંનેમાં જીવવું પડ્યું છે. અમે જ્યારે મજબૂત હતા ત્યારે પણ અમે દુનિયાને કોઈ સતામણી કરી નથી. અમે જ્યારે મજબૂર હતા ત્યારે દુનિયા પર કોઈ બોજ નાંખ્યો નથી. જે દેશમાં થઈ રહેલાં પરિવર્તનોની અસર દુનિયાના ઘણા મોટા ભાગ પર પડે છે તે દેશે ક્યાં સુધી પ્રતીક્ષા કરવી પડશે ?

**સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના જે આદર્શો સાથે કરવામાં આવી હતી તે અને ભારતની મૂળભૂત વિચારધારા, બંને એકબીજા સાથે ખૂબ જ મળતી આવે છે, અલગ નથી**

સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના જે આદર્શો સાથે કરવામાં આવી હતી તે અને ભારતની મૂળભૂત વિચારધારા, બંને એકબીજા સાથે ખૂબ જ મળતી આવે છે, અલગ નથી. સંયુક્ત રાષ્ટ્રના આ હોલમાં વસુધૈવ કુટુમ્બકમ્ જેવો શબ્દ અનેક વખત ગૂંજી ચૂક્યો છે. અમે સમગ્ર વિશ્વને એક પરિવાર માનીએ છીએ. અમારી આ સંસ્કૃતિ, સંસ્કાર અને વિચારધારાનો એક હિસ્સો છે. સંયુક્ત રાષ્ટ્રમાં પણ ભારતે હંમેશા વિશ્વકલ્યાણને અગ્રતા આપી છે. ભારત એ દેશ છે કે જેણે શાંતિની સ્થાપના માટે આશરે ૫૦ જેટલા શાંતિ મિશનમાં પોતાના બહાદુર સૈનિકોને મોકલી આપ્યા હતા. ભારત એવો દેશ છે કે જેણે શાંતિની સ્થાપના માટે પોતાના અનેક વીર સૈનિકો ગુમાવ્યા છે. આજે પ્રત્યેક ભારતવાસી સંયુક્ત રાષ્ટ્રમાં પોતાનું યોગદાન જોઈને સંયુક્ત રાષ્ટ્રમાં પોતાની વ્યાપક ભૂમિકા જોઈ રહ્યો છે.

૨ ઓક્ટોબરને અહિંસા અંગેના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે મનાવવામાં આવે છે અને ૨૧ જૂનને ઈન્ટરનેશનલ યોગ દિવસ તરીકે મનાવાય છે. આ બંનેની પહેલ ભારતે કરી હતી. આપત્તિ સામે ટકી શકે તેવી માળખાગત સુવિધાઓ (કોએલિએશન ફોર ડિઝાસ્ટર રેસિલન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ એ પણ ભારતનો જ પ્રયાસ છે. ભારતે હંમેશા સમગ્ર માનવજાતના હિત અંગે જ વિચાર કર્યો છે, નહીં કે પોતાના અંગત સ્વાર્થ બાબતે. ભારતની નીતિઓ હંમેશા આ વિચારધારા આધારિત રહી છે. ભારતની નેબરહૂડ ફર્સ્ટ પોલિસીથી માંડીને એક્ટ ઈસ્ટ પોલિસી સુધી આ ક્ષેત્રમાં સૌને માટે સલામતી અને વિકાસની ભાવના વ્યક્ત થઈ છે. ઈન્ડો પેસિફિક ક્ષેત્ર અંગેના અમારા વિચારોમાં પણ સૌને આ વિચારધારાની ઝલક વર્તાતી રહી છે. ભારતની ભાગીદારીના માર્ગદર્શક સિદ્ધાંતો પણ આ જ સિદ્ધાંત નક્કી કરે છે. ભારત જ્યારે કોઈની સામે મિત્રતાનો હાથ લંબાવે છે ત્યારે તે મિત્રતા કોઈ ત્રીજા પક્ષકારની વિરુદ્ધમાં હોતી નથી. ભારત જ્યારે વિકાસની ભાગીદારી મજબૂત કરે છે ત્યારે એ ભાવના પાછળ કોઈ સાથી દેશને મજબૂર કરવાની ભાવના કામ કરતી નથી. અમે અમારી વિકાસયાત્રામાં પ્રાપ્ત થયેલા અનુભવોનું આદાન-પ્રદાન કરવામાં ક્યારેય પીછેહઠ કરતા નથી.

મહામારીના આ મુશ્કેલ સમયમાં ભારતની ફાર્મા ઈન્ડસ્ટ્રીએ ૧૫૦ કરતાં વધુ દેશોને આવશ્યક દવાઓ પહોંચાડી છે. વિશ્વના સૌથી મોટા



રસી ઉત્પાદક દેશ તરીકે આજે પણ હું વિશ્વના સમુદાયને એવું આશ્વાસન પૂરું પાડવા માંગું છું કે ભારતની રસી ઉત્પાદન અને રસી પહોંચાડવાની ક્ષમતા સમગ્ર માનવજાતને આ સંકટમાંથી બહાર કાઢવા માટે કામમાં આવવાની છે. અમે ભારતમાં અને અમારી પડોશમાં ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કા તરફ પહોંચી રહ્યા છીએ. રસીની ડિલિવરી માટે કોલ્ડચેઈન અને સંગ્રહની ક્ષમતા વધારીને ભારત સૌને મદદ કરશે.

**અમારો માર્ગ જનકલ્યાણથી જગકલ્યાણ સુધીનો છે**

આવતા વર્ષે જાન્યુઆરી માસમાં ભારત સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે પોતાની જવાબદારી નિભાવશે. દુનિયાના અનેક દેશોએ ભારત પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ હું તમામ સાથી દેશોનો આભાર માનું છું. વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર હોવાની પ્રતિષ્ઠા અને તેના અનુભવનો અમે દુનિયાના હિત માટે ઉપયોગ કરીશું. અમારો માર્ગ જનકલ્યાણથી જગકલ્યાણ સુધીનો છે. ભારતનો અવાજ હંમેશાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ માટે ગાજતો રહેશે. ભારતનો અવાજ માનવતા, માનવજાતિ અને માનવીય મૂલ્યોના દુશ્મન- આતંકવાદ, હથિયારોની ગેરકાનૂની તસ્કરી, ડ્રગ્ઝ, મનીલોન્ડરીંગ વગેરેની વિરુદ્ધમાં હંમેશા ગાજતો રહેશે. ભારતનો સાંસ્કૃતિક વારસો, સંસ્કાર, હજારો વર્ષોનો અનુભવ હંમેશા વિકાસશીલ દેશોને તાકાત આપતો રહેશે. ભારતનો અનુભવ, ભારતની ઉતાર-ચઢાવ ભરેલી વિકાસયાત્રા વિશ્વકલ્યાણના માર્ગને મજબૂત કરશે.

**આજે ભારત ડિજિટલ વ્યવહારોની દુનિયામાં વિશ્વમાં મોખરે છે**


વીતેલાં થોડાંક વર્ષોમાં રિફોર્મ-પર્ફોર્મ- ટ્રાન્સફોર્મના આ મંત્રએ કરોડો ભારતીયોના જીવનમાં પરિવર્તન લાવવાનું કામ કર્યું છે. આ અનુભવ વિશ્વના અનેક દેશો માટે એટલો જ ઉપયોગી છે, જેટલો અમારા માટે છે. માત્ર ચારથી પાંચ વર્ષના ગાળામાં ૪૦૦ મિલિયન કરતાં વધુ લોકોને બેંકીંગ પદ્ધતિ સાથે જોડવાનું કામ આસાન ન હતું, પરંતુ ભારતે આ કામ કરી બતાવ્યું છે. આજે ભારતનો સમાવેશ ડિજિટલ વ્યવહારો બાબતે દુનિયાના અગ્રણી દેશોમાં થાય છે. છેલ્લા માત્ર ૪ થી ૫ વર્ષના ગાળામાં ૬૦૦ મિલિયન લોકોને ખુલ્લામાં હાજતે જવામાંથી મુક્તિ આપવાનું કામ પણ આસાન ન હતું, પરંતુ ભારતે તે કામ કરી બતાવ્યું છે. માત્ર બેથી ત્રણ વર્ષના ગાળામાં ૫૦૦ મિલિયન લોકોને મફત સારવારની સુવિધા સાથે જોડવાનું કામ પણ આસાન ન હતું, પરંતુ ભારતે તે કરી બતાવ્યું છે. આજે ભારત ડિજિટલ વ્યવહારોની દુનિયામાં વિશ્વમાં મોખરે છે. આજે ભારત પોતાના કરોડો નાગરિકોને ડિજિટલ સંપર્ક પૂરો પાડીને શક્તિકરણ અને પારદર્શકતા સુનિશ્ચિત કરી રહ્યો છે. આજે ભારત વર્ષ ૨૦૨૫ સુધીમાં તેના દરેક નાગરિકને ટીબીથી મુક્ત કરવા માટેનું અભિયાન ચલાવી રહ્યો છે. હાલમાં ભારત પોતાનાં ગામડાંઓમાં ૧૫૦ મિલિયન ઘરમાં પાઈપથી પીવાનું પાણી પૂરું પાડવાની ઝુંબેશ ચલાવી રહ્યો છે. થોડાક દિવસ પહેલાં જ ભારતે પોતાનાં ૬ લાખ ગામડાંઓને બ્રોડબેન્ડ ઓપ્ટીકલ ફાયબર સાથે જોડવાની ખૂબ મોટી યોજનાની શરૂઆત કરી છે.

મહામારી પછી, જે સ્થિતિ ઊભી થઈ તેની વચ્ચે અમે 'આત્મનિર્ભર' ભારતનું વિઝન લઈને આગળ વધી રહ્યા છીએ. આત્મનિર્ભર ભારત અભિયાન એ વિશ્વના અર્થતંત્ર માટે પણ અનેક પ્રકારે બળ પૂરું પાડનારું એક પરિબળ બની રહેશે. ભારતમાં આજે એ બાબત સુનિશ્ચિત કરવામાં આવે છે કે તમામ યોજનાઓના લાભ, કોઈપણ ભેદભાવ વગર દરેક નાગરિક સુધી પહોંચે. આજે દુનિયાની સૌથી મોટી માઈક્રો ફાયનાન્સીંગની યોજનાનો સૌથી વધુ લાભ ભારતની મહિલાઓને મળી રહ્યો છે. ભારતનો સમાવેશ દુનિયાના એવા દેશોમાં થાય છે કે જ્યાં મહિલાઓને ૨૬ સપ્તાહની પેઈડ મેટર્નિટી રજાઓનો લાભ મળે છે. ભારતમાં ટ્રાન્સજેન્ડર્સના અધિકારોને સુરક્ષા આપવા માટે પણ કાનૂની ફેરફાર કરવામાં આવ્યા છે.

ભારત વિશ્વ પાસેથી શીખીને, વિશ્વને પોતાના અનુભવો વહેંચતા રહીને આગળ વધવા માંગે છે. મને એ બાબતે વિશ્વાસ છે કે પોતાનાં ૭૫ વર્ષ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર અને તેના તમામ સભ્ય દેશો આ મહાન સંસ્થાની પ્રાસંગિકતા જાળવી રાખવા માટે કટિબદ્ધ બનીને કામ કરતા રહેશે. સંયુક્ત રાષ્ટ્રમાં સમતુલા અને સંયુક્ત રાષ્ટ્રનું સશક્તિકરણ, વિશ્વકલ્યાણ માટે એટલું જ અનિવાર્ય છે. આવો, સંયુક્ત રાષ્ટ્રના ૭૫મા વર્ષ પ્રસંગે આપણે સૌ સાથે મળીને પોતાની જાતને વિશ્વકલ્યાણ સાથે જોડીએ અને વધુ એક વખત પોતાને સમર્પિત કરવા માટેનું વચન લઈએ. ધન્યવાદ !



# ગુજરાત વિધાનસભાના પાંચ દિવસીય ચોમાસુ સત્રમાં ઐતિહાસિક ૨૦ બિલ-સુધારા વિધેયકો પસાર



ગુજરાતમાં જ્યાં માનવી ત્યાં સુવિધાની સાથેસાથે લોકોની સુરક્ષા, સલામતી, સ્વાસ્થ્ય, સુવિધાઓ, જનસુખાકારીના ધ્યેયમંત્ર સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન, દિશાનિર્દેશ તેમજ સૂચનોથી પાંચ દિવસીય ઐતિહાસિક ચોમાસુ સત્રમાં થયેલી અભૂતપૂર્વ કામગીરી -

● રાજ્યના નાગરિકોને રંજાડતાં અસામાજિક તત્ત્વોને નાથવા માટે અને તેઓને કડકમાં કડક સજા થાય તે હેતુસર ગુજરાત **અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત**નું પાસા અંગેનું સુધારા વિધેયક રજૂ કરીને પસાર કરવામાં આવ્યું.

● રાજ્યમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં તત્ત્વોને નાથવા માટે પ્રબળ રાજકીય દૃઢ ઈચ્છાશક્તિ થકી આવાં તત્ત્વો નેસ્તનાબૂદ થાય અને નાગરિકોને વધુ સલામતીનો અહેસાસ થાય તે આશયથી **ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા** બાબત અંગેનું વિધેયક પસાર કરીને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

● શ્રમિકોના કલ્યાણને વરેલી રૂપાણી સરકારે શ્રમિકોનું હિત અને ઉદ્યોગગૃહોને સવલતો સહિત ઉદ્યોગકારો અને શ્રમિકો વચ્ચે સુમેળ સધાય અને રાજ્યની વિકાસયાત્રા અવિરતપણે ચાલુ રહે જેના થકી રાજ્યમાં ઘરઆંગણે વ્યાપક રોજગારીનું સર્જન થાય તે આશયથી **ચાર જેટલા શ્રમ કાયદામાં નોંધપાત્ર સુધારાઓ** કર્યા.

● લાખો હિંદુઓની આસ્થાનું પ્રતીક એવું જગતજનની મા જગદંબાનું પવિત્ર યાત્રાધામ અંબાજીના સુગ્રથિત વિકાસ માટે અને દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને અનેકવિધ શ્રેષ્ઠ સુખસુવિધાઓ પૂરી પાડવા તથા અંબાજીની આસપાસ આવેલાં સ્થળોનો વિકાસ થાય તે આશયથી **અંબાજી યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે એક ઓથોરિટીની રચના** કરતો કાયદો પસાર કરવામાં આવ્યો.


● રાજ્યના ગરીબ પરિવારો સહિત નાના સીમંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે અને ભૂમાફિયાઓને રાજ્યમાંથી નેસ્તનાબૂદ કરવાના આશયથી તથા સરકારી જમીન, વ્યક્તિગત માલિકીની જમીનો, ખેડૂત જાહેર ટ્રસ્ટો તથા સ્થાનિક સત્તામંડળોની માલિકીની જમીનો પર ધાકધમકીથી, છેતરપિંડીથી કબજો જમાવી બેઠેલાં તત્ત્વોને નેસ્તનાબૂદ કરવા માટે ગુજરાતમાં જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ મૂકતું મહત્ત્વનું **લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ**-વિધેયક ગૃહમાં પસાર કરીને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

● રાજ્યના નાગરિકોને સસ્તો અને ઝડપી ન્યાય ઘરઆંગણે જ મળી રહે અને કોર્ટમાં રહેલી પેન્ડન્સી ઓછી થાય તે આશયથી **સ્મોલ કોઝ કોર્ટ કાયદામાં સુધારો** કરતો કાયદો ગૃહમાં પસાર કરાયો.

● સમગ્ર દેશમાં ગુજરાતે ટેક્નોલોજીના માધ્યમ દ્વારા મહેસૂલી ક્રાંતિ કરીને રૂપાણી સરકારે મહેસૂલી સેવાઓ વધુ સરળ અને સુદૃઢ બનાવી છે ત્યારે મહેસૂલ વિભાગ દ્વારા દસ્તાવેજ નોંધણીમાં પણ સુધારો કરવાના હેતુસર **રજિસ્ટ્રેશન એક્ટમાં સુધારો કરી મિલ્કતધારકોના હકને વધુ સુરક્ષિત કરવા** અને તેને આનુષંગિક જોગવાઈઓ માટે તથા નોંધણી રજિસ્ટ્રારો મિલકત નોંધણીનો ઇનકાર કરી શકે તેને લગતી નવી જોગવાઈઓ કરતો કાયદો પસાર કરવામાં આવ્યો.

● મત્સ્ય ઉદ્યોગ કાયદામાં સુધારો કરતું વિધેયક પસાર કરાયું. આ સુધારાને પરિણામે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારાની સુરક્ષા વધુ સઘન બનશે તેમજ અન્ય રાજ્યોના માછીમારો માછીમારી માટે ગુજરાતની દરિયાઈ સીમામાં પ્રવેશતા અટકશે જેના થકી **ગુજરાતના માછીમારોને રોજગારીની વધુ તકો પ્રાપ્ત થશે.**

● ખેડૂતોનાં હિતોનું રક્ષણ થાય અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના



વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરવા માટે તથા એપીએમસીએમાં ઈ-પ્લેટફોર્મ પૂરું પાડવાના આશયથી હવે રાજ્યના વેપારીઓ કે ખેડૂતો દેશના કોઈપણ એપીએમસી પર પોતાનો ખેત ઉત્પાદિત માલ ખરીદી કે વેચી શકે તે આશયથી **ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક**ને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

● ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અધિનિયમ ૧૯૭૨ની કલમ-૩ માં સુધારા વિધેયક વિધાનસભા ખાતે પસાર કરાયું. વહીવટી ઝડપ, વધુ સરળતા અને આર્થિક ભારણના ઘટાડા હેતુ **બોર્ડના સભ્યોની સંખ્યા ૫૯થી ઘટાડીને ૨૪ કરાઈ.**

● ઉદ્યોગોમાં મૂડીરોકાણમાં વધારા સાથે ઉદ્યોગ સ્થાપના થકી વ્યાપક રોજગારી ઉત્પન્ન થશે તેવી જોગવાઈઓ સાથે **ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક** વિધાનસભા ખાતે પસાર કર્યું. ૩૦૦થી વધુ કામદાર ધરાવતી સંસ્થાઓએ કામદારોને લે ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતી વેળાએ રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી લેવાની રહેશે. ૧૫ દિવસના સરેરાશ પગાર ઉપરાંત વળતરમાં વધારો કરીને છેલ્લા ત્રણ મહિનાનો સરેરાશ પગાર જેટલી રકમ વળતર તરીકે આપવાની રહેશે. છટણીના કિસ્સામાં કામદારોને ફરજિયાત ત્રણ માસની નોટિસ આપવાની રહેશે તેમજ નોટિસ પગાર આપીને છૂટા કરી શકાશે નહીં.

● કેન્દ્રીય અધિનિયમ સુધારવા ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી, **કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વિધેયક** પસાર કરાયું. આ અધિનિયમ લાગુ પાડવાની મર્યાદા ૨૦ શ્રમયોગીઓથી વધારીને ૫૦ શ્રમયોગીઓ કરવાથી અનેકવિધ હકારાત્મક પરિણામો મળશે. જેમાં મુખ્યત્વે પૂરતા પ્રમાણમાં કોન્ટ્રાક્ટ શ્રમયોગીઓને રાખી શકવામાં સરળતા રહેશે, રાજ્યના નાના ઉદ્યોગો તથા કોન્ટ્રાક્ટરનું લાયસન્સ મેળવવાની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે.

● **કારખાના અધિનિયમ** (ગુજરાત સુધારા) - ૨૦૨૦ના પરિણામે શ્રમયોગીઓને રોજગારીની તકો ઉજ્જવળ થશે, બેરોજગારી ઘટશે. આ સુધારાથી બહારથી આવતાં ઔદ્યોગિક સાહસોને ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ કરવા પ્રોત્સાહન મળશે.

● **ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક** પસાર થવાથી નવા સ્થપાતા ઔદ્યોગિક એકમો - સંસ્થાઓને સ્થાપના તારીખથી એક હજાર દિવસમાં શરતોને આધીન અથવા શરતો વિના મુક્તિ અપાશે. લઘુતમ વેતન અધિનિયમ, બોનસ ચુકવણી અધિનિયમ, ગ્રેજ્યુઈટી ચુકવણી હેઠળ કોઈ મુક્તિ નહીં માત્ર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ જોગવાઈમાંથી મુક્તિ મળશે.

● **ગુજરાત બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) સુધારા વિધેયક** વિધાનસભામાં પસાર થવાથી બાળકોને કોઈપણ વ્યવસાયમાં તથા કિશોર શ્રમિકોને જોખમી પ્રક્રિયા અને વ્યવસાયોમાં કામે રાખવા બદલ રૂપિયા એક લાખનો દંડ વસૂલાશે.

● **ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયક**, ૨૦૨૦ પસાર થવાથી રાજયની ચાર કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની ૧૧ કોલેજો અને પોલિટેકનીકો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં આવશે. ગુજરાત સેક્ટોરીયલ ક્ષેત્રે અવનવી યુનિવર્સિટી માટેના અભિગમને વેગ મળશે.

● વિસ્તરણ ક્ષેત્રોમાં લેબ ટુ લેન્ડની વિસ્તરણ પ્રવૃત્તિઓને વેગ મળશે, જેના પરિણામે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવકને બમણી કરવાનું સપનું ઝડપથી સાકાર થવામાં મદદરૂપ થશે. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક પસાર કરાયું. રાજ્યમાં હવે **કૃષિ- પશુપાલન યુનિવર્સિટી; મેડિકલ કોલેજો, આરોગ્ય કે અન્ય શૈક્ષણિક હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી લેવી નહીં પડે.**

● બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીયલ પરપઝ માટે ખરીદેલ જમીન પ્રમાણપત્ર મળ્યા બાદના ૩થી ૫ વર્ષ માટે ૧૦૦ ટકા, ૫થી ૭ વર્ષ માટે ૬૦ ટકા, ૭થી ૧૦ વર્ષ માટે ૩૦ ટકા, ૧૦ વર્ષ પછી ૨૫ ટકા પ્રવર્તમાન જંત્રીની રકમ વસૂલ લઈ વેચાણ પરવાનગી અપાશે. રાજ્ય સરકારે કરેલા આ નિર્ણયોથી ઉદ્યોગ સાહસિકોને મહેસૂલી પ્રશ્નોમાં પડતી મુશ્કેલી નિવારી શકાશે. અત્યાર સુધી **પડતર રહેલી જમીનોનો સક્ષમ ઉપયોગ થઈ શકશે.**

આમ, ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વિધાનસભાનાં પાંચ દિવસીય ચોમાસુ સત્રમાં વિક્રમજનક કામગીરી કરી ગુજરાતના વિકાસમાં અને ગુજરાતીઓની સુખસુવિધામાં સતત વધારો કરવાનો પ્રશંસાપાત્ર પ્રયત્ન કર્યો છે. કોરોનાકાળમાં પણ રૂપાણી સરકારની ઉત્કૃષ્ટ કામગીરીનું સમગ્ર શ્રેય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ફાળે જાય છે.

●



**ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ ક્રાંતિનું નવું સોપાન**
**ડિજિટલ સેવાસેતુના મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી આધારિત જનહિત સેવાકાર્યની**
**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રતિબદ્ધતા સાકાર થશે**



# સેવા સેતુના માધ્યમથી કરોડો લોકોના પ્રશ્નોના ઘરઆંગણે નિવારણ પછી હવે ડિજિટલ સેવા સેતુના માધ્યમથી નાગરિકોને ગ્રામ પંચાયત કક્ષાએ સેવાઓ સરળતાથી ઘરઆંગણે મળશે

મુખ્યમંત્રીશ્રીએ હવે ગ્રામીણ નાગરિકોને રોજ-બરોજની સેવાઓ કે સર્ટિફિકેટ, દાખલાઓ માટે તાલુકા-જિલ્લા મથકે ધક્કા ન ખાવા પડે, સમય અને આવવા-જવાના વાહન ભાડાના ખર્ચનો બચાવ થાય તેમજ ખોટો લઈ ન જાય, સાચો રહી ન જાય તેવા ભાવ સાથે પ્રાથમિક તબક્કે વિવિધ ૨૦ જેટલી સેવાઓ આ ડિજિટલ સેવાસેતુમાં આવરી લઈ બે હજાર ગ્રામ પંચાયતમાં આગામી ૮ ઓકટોબરથી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં વધુ ૮ હજાર ગ્રામ પંચાયતોને આ ડિજિટલ સેવાસેતુમાં આવરી લેવાનો નિર્ધાર છે.

રાજ્યભરમાં આવા ૧૨૮૦૦થી વધુ સેવાસેતુના તબક્કાઓ યોજીને ૨ કરોડ લોકો-નાગરિકોને ઘરઆંગણે સેવાઓ મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં પૂરી પાડવામાં આવેલી છે. આ વન ડે ગર્વનન્સનો ગુજરાત પ્રયોગ સમગ્ર દેશમાં જનહિત સેવા પ્રકલ્પમાં ઉત્કૃષ્ટ અને ઉદાહરણ રૂપ બની રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ હવે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવામાં પણ ગુજરાતને અગ્રીમ-લીડ લેવા સજ્જ કર્યું છે.

ગુજરાત સમગ્ર દેશમાં આ વ્યવસ્થા વિકસાવી ભારત નેટ ફેઈસ-૨માં દેશભરમાં અગ્રેસર રહ્યું છે.

ડિજિટલ સેવા સેતુમાં સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, રાજ્યના ગામડાંઓમાં ૧૦૦ MBPSના હાઈસ્પીડ ઈન્ટરનેટ સરળતાએ મળી રહે એ માટે ઓપ્ટિકલ ફાયબર નેટવર્કથી જોડાણો આપવામાં આવશે.

અત્યાર સુધીમાં ૩૨૯૬૧ કિ.મીટર અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક દ્વારા ૨૩ જિલ્લાની ૭૬૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ છે, એટલું જ નહિ, દરેક ગ્રામ પંચાયત સ્ટેટ ડેટા સેન્ટર સાથે જોડાયેલી છે.

આ અંતર્ગત ગ્રામ પંચાયતના સેવા કેન્દ્ર-ગ્રામ પંચાયત કચેરીએથી જ હવે, રેશનકાર્ડની સેવાઓમાં નામ દાખલ કરવું, નામ કઢાવવું કે સુધારો કરવો અથવા ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવું જેવી સેવાઓ, આવકનો દાખલો, સિનીયર સિટીઝનનો દાખલો, ક્રિમીલેયર સર્ટિફિકેટ, જાતિના પ્રમાણપત્રો જેવી સેવાઓ ડિજિટલ સેવા સેતુ માધ્યમથી માત્ર ૨૦ રૂપિયાની નજીવી ફી થી મળશે.


મુખ્યમંત્રીશ્રીએ આ ડિઝિટલ સેવાસેતુનો વ્યાપ વધુ વિસ્તરે તેમજ ગ્રામીણ નાગરિકો લોકોને આવા દાખલાઓ માટે કરવાની થતી એફિડેવિટ-સોગંદનામા માટે તાલુકા કક્ષાએ કે નગરમાં જિલ્લામાં નોટરી પાસે જવું જ ન પડે તેવો પણ ક્રાંતિકારી નિર્ણય કર્યો છે.

તદ્અનુસાર, Oaths Act ૧૯૬૯ની કલમ-૩ ની જોગવાઈઓ મુજબ કરવાના સોગંદનામા એફિડેવિટ કરવા માટે ગ્રામ્યકક્ષાએ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીને સત્તાઓ આપવામાં આવશે. જેથી ગ્રામીણ નાગરિકોને ગામમાંથી જ એફિડેવિટ ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ થઈ શકશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગામડાનો સામાન્ય માનવી પણ પોતાને જરૂરી એવી સેવાઓના સર્ટિફિકેટ પોતાના મોબાઈલ ફોનમાં કોઈપણ સમયે કોઈપણ જગ્યાએ મેળવી શકે અથવા કયાંય આધાર-પુરાવા તરીકે રજૂ કરી શકે તે માટે ભવિષ્યમાં ફિઝિકલ સાઈનને બદલે ઈ-સાઈન – E-Sign દ્વારા સેવાઓ મંજૂર કરવાનો પણ અભિગમ અપનાવ્યો છે. આના પરિણામે સેવાઓ મંજૂર થાય એટલે સીધી જ જે-તે વ્યક્તિના ડિજી લોકરમાં ઉપલબ્ધ થઈ જશે.

ભવિષ્યમાં આ સમગ્ર સેવાઓને અન્ય વિભાગો સાથે ઈન્ટીગ્રેટ કરીને ડીજી લોકરને વધુ સક્ષમ પ્લેટફોર્મ આ ડિજિટલ સેવા સેતુ અન્વયે બનાવી શકાશે.

•



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વમાં દેશના કરોડો ખેડૂતોને સુખી, સંપન્ન, સમૃદ્ધ, આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે ઐતિહાસિક કૃષિ સુધારાઓને સંસદના ગત સત્રમાં પસાર કરી કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું, જેનાથી દેશના ખેડૂતોને ખરા અર્થમાં સ્વતંત્રતા મળી છે**

# જ્યારે ઐતિહાસિક કૃષિ સુધારાઓ અંગે સંસદમાં ચર્ચા થઈ રહી હતી ત્યારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ગેરહાજર રહ્યા, કોંગ્રેસ પાર્ટીએ રાજ્યસભામાં ઉપસભાપતિ સાથે દૂર્વ્યવહાર કરનારાઓનો પક્ષ લીધો અને હવે ટ્રેક્ટરમાં સોફા લગાવીને બેસીને ખેડૂતોની ચિંતા કરવાનો ડોળ કરી રહ્યા છે - શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી



કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીએ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં 'કૃષિ સબંધી સુધારાઓ થકી આત્મનિર્ભર ખેડૂત' વિષય ઉપર બપોરે ૩.૦૦ કલાકે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું તેમજ સાંજે ૪.૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યભરના કિસાન મોરચાના કાર્યકર્તાઓ સહિત ભાજપાના કાર્યકર્તાઓ, સમર્થકો અને શુભેચ્છકોને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખેડૂતહિતના કરાયેલા ઐતિહાસિક સુધારાઓ અંગે સંબોધન કર્યું હતું.

શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વમાં દેશના કરોડો ખેડૂતોને સુખી, સંપન્ન, સમૃદ્ધ, આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે ઐતિહાસિક કૃષિ સુધારાઓને સંસદના ગત સત્રમાં પસાર કરી કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું, જેનાથી દેશના ખેડૂતોને ખરા અર્થમાં સ્વતંત્રતા મળી છે. પરંતુ દુર્ભાગ્ય છે કે, ખેડૂતોના સશક્ત બનાવવા લેવાયેલા આ ક્રાંતિકારી નિર્ણયોનો કોંગ્રેસ અને અન્ય કેટલાક પક્ષો ફક્ત અને ફક્ત પોતાના રાજકીય સ્વાર્થ માટે દેશના ખેડૂતોને આ બાબતે ભ્રમિત કરી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નિંદનીય બાબત છે કે, જ્યારે દેશના પ્રત્યેક ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો થઈ રહ્યા હોય ત્યારે પણ કોંગ્રેસ દ્વારા આ ઐતિહાસિક નિર્ણયો અંગે દુષ્પ્રચાર થઈ રહ્યો હોય તે અંત્યત દુઃખદ અને ખેદજનક બાબત છે.

શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીએ જણાવ્યું હતું કે, આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થયો પરંતુ આઝાદીનાં આટલાં વર્ષો બાદ પણ દેશનો ખેડૂત પોતાની પેદાશને પોતાની સ્થાનિક એપીએમસીની વ્યવસ્થામાં વેચવા માટે મજબૂર હતો, આ નવા કૃષિ કાયદાઓના અમલથી દેશનો ખેડૂત કોઈપણ કંપની, વેપારી કે સંગઠનને કે જ્યાં તેને વધુ અને યોગ્ય ભાવ મળતો હોય ત્યાં પોતાની પેદાશ વેચવા માટે સ્વતંત્ર બન્યો છે, દેશના કરોડો ખેડૂતો વચેટીયાઓથી મુક્ત થવા જઈ રહ્યા છે તે બાબત કોંગ્રેસથી સહન નથી થઈ રહી, કોંગ્રેસે હંમેશા ખેડૂતોનો રાજકીય હાથા તરીકે ઉપયોગ કર્યો છે.

શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીએ જણાવ્યું હતું કે, જ્યારે ઐતિહાસિક કૃષિ સુધારાઓ અંગે સંસદમાં ચર્ચા થઈ રહી હતી ત્યારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ગેરહાજર રહ્યા, કોંગ્રેસ પાર્ટીએ રાજ્યસભામાં ઉપસભાપતિ સાથે દુર્વ્યવહાર કરનારાઓનો પક્ષ લીધો અને હવે ટ્રેક્ટરમાં સોફા લગાવીને બેસીને ખેડૂતોની ચિંતા કરવાનો ડોળ કરી રહ્યા છે, કાળો કાયદો કહીને ખેડૂતહિતના નિર્ણયોનો વિરોધ કરી રહ્યા છે, દેશનો ખેડૂત આ જોઈ રહ્યો છે. આ નવા કૃષિ કાયદામાં વેપારીઓ દ્વારા ખેડૂતોને પોતાની પેદાશનું પેમેન્ટ ૩ દિવસમાં ચૂકતે કરવાની જોગવાઈ કરવામાં આવી છે, ખેડૂતોને સમયસર અને ઝડપી પેમેન્ટ મળે તે પ્રકારની વ્યવસ્થા થઈ રહી છે તો કોંગ્રેસને તેમાં કેમ તકલીફ પડી રહી છે, શું કોંગ્રેસ નથી ઈચ્છતી કે ખેડૂતોને સમયસર પેમેન્ટ મળે?

શ્રી સ્મૃતિ ઈરાનીજીએ જણાવ્યું હતું કે, 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને ચરિતાર્થ કરવા દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુદૃઢ બનાવી ખેડૂતોને સમૃદ્ધ કરવા અનિવાર્ય છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લાં ૬ વર્ષથી ખેડૂતહિતના પરિણામલક્ષી નિર્ણયો કરી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ







## કોંગ્રેસની દિશાહીન નીતિઓને કારણે વર્ષોથી ખેડૂતોનું શોષણ થતું આવ્યું છે - શ્રી સી. આર. પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંસદમાં પસાર કરાયેલા કૃષિ સુધાર કાયદાઓ અંગે માહિતી આપવા માટે દેશભરમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ અલગ અલગ સ્થાનોએ જઈ વિપક્ષના ભ્રામક પ્રચારને ખાળવા તથા દેશના નાગરિકો આ કાયદાની વાસ્તવિક્તાથી માહિતગાર કરી રહ્યા છે તેના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી ગુજરાત પધાર્યાં છે ત્યારે હું તેમનું પ્રદેશ ભાજપા વતી સહૃદય સ્વાગત કરું છું.


શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, કોંગ્રેસની દિશાહીન નીતિઓને કારણે વર્ષોથી ખેડૂતોનું શોષણ થતું આવ્યું છે, ખેડૂતોના શોષણને અટકાવવા અને તેમને પ્રગતિના પંથે અગ્રેસર કરવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરવામાં આવેલા નિર્ણયો અંગે કોંગ્રેસ નકારાત્મકતા ફેલાવી દેશના ખેડૂતોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ ખેડૂતો સુપેરે જાણે છે કે તેમનું હિત શેમાં છે. સ્વામીનાથન આયોગનાં સૂચનો તેમજ અન્ય જોગવાઈઓ સાથે કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા આ નવા કૃષિ કાયદાથી આગામી સમયમાં ખેડૂતોને ચોક્કસપણે લાભ થશે.

મોદીએ જ્યારે જન ધન યોજના થકી બેંકમાં ખાતું ખોલવા દેશની જનતાને આહ્વાન કર્યું ત્યારે કોંગ્રેસે તેનો ભરપૂર વિરોધ કર્યો, પરંતુ જનધન યોજનાના ફળસ્વરૂપે જ આજે દેશના કરોડો લાભાર્થીઓ બેન્ક વ્યવસ્થા સાથે જોડાયા અને આજે સરકારની વિવિધ સહાય સીધી બેન્ક ખાતામાં મળી રહી છે. છેલ્લા દોઢ વર્ષમાં ૯૩,૦૦૦ કરોડ રૂપિયા દેશના ૯ કરોડથી વધુ ખેડૂતોને કિસાન સન્માન નિધિ સ્વરૂપે સીધા તેમના ખાતામાં આપવામાં આવ્યા છે. કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા ૧ લાખ કરોડ રૂપિયા, મત્સ્યઉદ્યોગ માટે ૨૦ હજાર કરોડ તેમજ પશુઉછેર અને રસીકરણ માટે ૧૩,૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

૨૦૧૪માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે તેમણે સપનું સેવ્યું હતું કે, દેશમાં કૃષિક્ષેત્રે ક્રાંતિ આવે, ઉત્તમ કક્ષાનું અને વૈશ્વિક ગુણવત્તાનું કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટોરેજ ઉપલબ્ધ થાય, અદ્યતન ટેક્નોલોજીનો ખેડૂતોને મહત્તમ લાભ મળે અને ખેડૂતો સુખી, સમૃદ્ધ અને આત્મનિર્ભર બનીને દેશની અર્થવ્યવસ્થા મજબૂત કરવામાં પોતાનું મહત્વનું યોગદાન પૂરું પાડે, આ તમામ બાબતો ને લક્ષમાં રાખીને દેશના પ્રત્યેક જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું નિર્માણ, દેશના ૧૧ કરોડ ૯૦ લાખ જેટલા સોઈલ હેલ્થ કાર્ડ તથા તાજેતરમાં ઘડાયેલા કૃષિ સુધાર કાયદાઓ જેવા નિર્ણયો લઈને ટ્રાન્સફોર્મ, પર્ફોર્મ અને રીફોર્મના સિદ્ધાંતને પ્રતિપાદિત કર્યો છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ શ્રી બાબુભાઈ જેબલિયા સહિતના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•





## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં છ વર્ષમાં ખેડૂતોને તેમની ઊપજની લાભદાયક કિંમત મળે, ખેડૂતોની આવક અને જીવનધોરણ સુધરે તે દિશામાં ખેડૂતોના હિતમાં વિવિધ સીમાચિહ્નરૂપ નિર્ણય કરવામાં આવ્યા છે

### - શ્રી મનસુખભાઈ માંડવિયા

શ્રી મનસુખભાઈ માંડવિયાએ 'ખેડૂતોના ઉત્પાદનનું વેચાણ અને વાણિજ્ય (પ્રોત્સાહન અને સરળીકરણ) કાયદો ૨૦૨૦'ના સંદર્ભમાં જણાવ્યું હતું કે, આ કાયદાના અમલથી ખેડૂતો અને વેપારીઓને કૃષિ ઉત્પાદનનું વેચાણ અને ખરીદી કરવા અંગે સ્વતંત્રતા મળશે, રાજ્યો વચ્ચે અને રાજ્યની અંદર અવરોધમુક્ત વેપારને પ્રોત્સાહન મળશે, ખેડૂતો તેમનું કૃષિ ઉત્પાદન રાજ્ય કૃષિ ઉત્પાદન વેચાણ કાયદા અંતર્ગત એ.પી.એમ.સી. તેમજ અન્ય અધિસૂચિત બજારો સહિત દેશમાં કોઈપણ જગ્યાએ પોતાના ઉત્પાદનનું વેચાણ કરી શકશે, ખેડૂતોને પોતાની પેદાશનું વેચાણ કરવા બદલ કોઈ સેસ કે વેરો ભરવો નહીં પડે સાથે સાથે પરિવહન ખર્ચનું વહન પણ નહીં કરવું પડે. આ કાયદાથી ખેડૂતો તેમની ખેતપેદાશોનું દેશના કોઈપણ સ્થળે, કોઈપણ વેપારીને સીધું વેચાણ કરી શકશે, જેનાથી તેમને પોતાની પેદાશનું સારું મૂલ્ય મળશે અને વચેટિયાઓ દૂર થશે. તેમણે જણાવ્યું હતું કે, 'ખેડૂતોના ઉત્પાદનનું વેચાણ અને વાણિજ્ય (પ્રોત્સાહન અને સરળીકરણ) કાયદો ૨૦૨૦' અંગે રાજકીય વિરોધીઓ દ્વારા લઘુતમ ટેકાના ભાવે ખરીદી બંધ થઈ જશે, એપીએમસીની કામગીરી બંધ થઈ જશે જેવી ઈરાદાપૂર્વકની ગેરસમજો ઊભી કરવામાં આવી રહી છે પરંતુ સત્ય એ છે કે, લઘુતમ ટેકાના ભાવથી ખેતપેદાશોની ખરીદી ચાલુ જ રહેશે, કેન્દ્ર સરકાર દ્વારા રવી પાક માટેના ટેકાના ભાવ પણ જાહેર કરી દેવામાં આવ્યા છે, કૃષિ ઉત્પાદનના વેચાણ માટેની એપીએમસીની વ્યવસ્થા પણ ચાલુ જ રહેશે, ખેડૂતોને એપીએમસી સહિત દેશના કોઈ પણ ખૂણે પોતાનું ઉત્પાદન વેચવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. સરકારી ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પોર્ટલ 'ઈ-નામ'ના ઉપયોગથી પારદર્શકતામાં વધારો થશે અને સમયની બચત થશે.

તેમણે જણાવ્યું હતું કે, 'ખેડૂતોને (સશક્તિકરણ અને રક્ષણ)કિંમતની ખાતરી અને કૃષિ સેવા કાયદો ૨૦૨૦' દેશભરના ખેડૂતોને પ્રોસેસર્સ, હોલસેલર્સ, એગ્રીગેટર્સઝ મોટા રીટેલર્સ, નિકાસકારો વગેરે સાથે પોતાની પેદાશની વેચાણ અંગેની સમજૂતી કરવા સક્ષમ બનાવશે, ખેડૂતો પોતાના પાકની લણણી અગાઉ વેપારી કે કંપની સાથે પેદાશનો ભાવ સુનિશ્ચિત કરી શકશે. અગાઉથી કૃષિ ઉત્પાદનની કિંમત નક્કી થવાને કારણે ખેડૂતોને બજારકિંમતમાં વધારા અને ઘટાડાથી રક્ષણ મળી રહેશે. ખેડૂતોને અદ્યતન ટેક્નોલોજી, ઉચ્ચ ગુણવત્તાનાં બીજ અને અન્ય ગુણવત્તાયુક્ત કાચો માલ મેળવવા પણ સક્ષમ બનાવાશે. ખેડૂતના વિવાદના સમાધાન માટે સ્પષ્ટ સમયરેખા સાથે વિવાદનું નિવારણ કરવા અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, એવી ભ્રામકતા ફેલાવવામાં આવી રહી છે કે આ નવા કાયદાના અમલથી ખેડૂતોની જમીનો પ્રાયોજકો દ્વારા હડપી લેવામાં આવશે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કાયદા હેઠળ ખેડૂતોની જમીનના વેચાણ કે કબજો કરવા અંગે કોઈ પ્રકારની જોગવાઈ કરવામાં આવી નથી. દેશભરમાં ૧૦,૦૦૦ જેટલી ખેડૂત ઉત્પાદન મંડળીઓની રચના થઈ છે, નાના ખેડૂતોને એક મંચ પર લાવીને ખેતપેદાશ માટે વળતરદાયક કિંમત સુનિશ્ચિત કરવા અંગે કાર્ય કરશે જેનાથી દેશના નાના ખેડૂતો પણ આ નવી વ્યવસ્થામાં જોડાઈ શકશે.

શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની દેશની કેન્દ્ર સરકાર દેશના કરોડો ખેડૂતોને પ્રગતિના પથ પર અગ્રેસર કરવા માટે પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. નવા કૃષિ સુધારાઓથી ચોક્કસપણે દેશનો ખેડૂત પોતાની આવક બમણી કરવાની દિશામાં આગેકૂચ કરશે, આ નવા કાયદાઓના સકારાત્મક પરિણામોનો સમગ્ર દેશ સાક્ષી બનશે. •



પ્રેરક શાહ



# શ્રી નરેન્દ્રભાઈ મોદી નારીશક્તિને મજબૂત કરીને નવા ભારતનું નિર્માણ કરી રહ્યા છે

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः અર્થાત્ મહિલાનું જ્યાં ગૌરવ જળવાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. આપણી સંસ્કૃતિમાં મહિલાનો મહિમા અનન્ય રીતે કરાયો છે. દેશનાં સર્વાંગી વિકાસમાં મહિલાઓનો ફાળો અતિ મહત્ત્વનો છે જે સાંપ્રત સમાજે સ્વીકારવું જ પડે. સમતોલ વિકાસ સાધવા માટે મહિલા ઉત્થાનનો મહિમા કરવો અનિવાર્ય છે. દેશમાં લોકતંત્રના ચાર સ્તંભ છે પરંતુ દેશની અડધી વસ્તી જેમની છે અને રાષ્ટ્રનિર્માણમાં મહત્ત્વની ભૂમિકા જેમની છે તે મહિલા સશક્તિકરણના ચાર સ્તંભ કોઈ કહી શકશે ? લગભગ ના. જો આ ચાર સ્તંભ જ ખબર નથી તો તે દિશામાં પ્રયાસ કેવી રીતે કરી શકીશું ? પાછલાં ૬૦ વર્ષથી આ જ થતું આવ્યું છે. દેશની મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે બદલાતા વૈશ્વિક પ્રવાહો સાથે તાલમેલ સાધી મહિલા સન્માનભેર, સ્વાવલંબી, પગભર અને ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે મહિલાને કેન્દ્રમાં રાખી ના તો કાર્ય થયું કે ના તો ચોક્કસ નીતિ બની. મહિલા સશક્તિકરણની વાતો માત્ર મહિલા દિવસે રાજનેતાઓના ભાષણમાં રહી.


**આધુનિક ભારતીય મહિલાઓ સમાજની વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ અસ્મિતાની જ્યોત પ્રગટાવી રહી છે**

આધુનિક ભારતીય મહિલાઓ સમાજની વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ અસ્મિતાની જ્યોત પ્રગટાવી રહી છે તથા પોતાની પ્રજ્ઞા, પ્રતિભા ઉજાગર કરી છે. ભારતની પ્રથમ મહિલા ડોક્ટર આનંદીબાઈ જોષી હોય કે પ્રથમ મહિલા ડ્રાઈવર વસંતકુમારી કે પ્રથમ ટેક્સી ડ્રાઈવર જસબીર કૌર કે પ્રથમ એન્જિન ડ્રાઈવર સુરેખા કે રાફેલ વિમાનની પ્રથમ ફાઈટલ પાઈલટ શિવાંગી સિંગ આ તમામનું સાહસ સામાન્ય ન જ કહેવાય. ફેમિનિઝમ એ મહિલાને મજબૂત બનાવવા માટે નથી. મહિલા તો પહેલેથી જ મજબૂત અને સાહસી છે, જરૂર છે તેમની શક્તિને યોગ્ય દૃષ્ટિથી જોવાની અને યોગ્ય તક આપવાની.

**પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત પાછલાં છ વર્ષોમાં ખૂલેલાં ૪૦.૩૫ કરોડ બેંક ખાતાંમાંથી લગભગ ૫૫.૨% મહિલા ખાતાધારકોનાં છે**

૨૦૧૪માં કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર બની તેમની સૌથી મોટી પહેલ જન-ધન એકાઉન્ટ અને બેટી બચાવો-બેટી પઢાવો હતી. આ બંનેના કેન્દ્રમાં મહિલા જ મુખ્ય હતી.

પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત પાછલાં છ વર્ષોમાં ખૂલેલાં ૪૦.૩૫ કરોડ બેંક ખાતાંમાંથી લગભગ ૫૫.૨% મહિલા ખાતાધારકોનાં છે. આ ખાતાં ખોલવામાં આવેલાં હોવાથી જ એપ્રિલથી જૂન ૨૦૨૦ દરમિયાન મહિલા જનધન ખાતાધારકોના ખાતામાં ૩૦,૭૫૭ કરોડ જમા આપવામાં આવી શક્યા. ૨૨-૧-૨૦૧૫ના રોજથી બેટી બચાવો-બેટી પઢાવો પહેલ શરૂ કરી. અને એનું પરિણામ એ આવ્યું કે હરિયાણા જેવા પ્રદેશમાં દર ૧૦૦૦ બાળકોએ ૮૩૬ જેટલી બાળકીનો જન્મ થતો હતો જેમાં આ પહેલથી ક્રમ વધીને ૯૩૮ સુધી આવી ગયો. જન-ધન ખાતાં ખોલવામાં આવ્યાં તે પછી સરકાર દ્વારા મુદ્રા યોજના લાવવામાં આવી, કારણ કે આર્થિક સશક્ત ના હોય તો માત્ર સામાજિક સશક્તિકરણનો પણ મતલબ રહેતો નથી. આ મુદ્રા લોન અંતર્ગત ૨૫ કરોડ લોકોને આ યોજનાનો લાભ મળ્યો છે જેમાંથી ૭૦% લાભાર્થી મહિલાઓ જ છે. આપણી ગુજરાતીમાં કહે છે ખીરનો પુરાવો ખાવામાં છે. સુરતની મહિલા રીતુકુમારીએ આ યોજના અંતર્ગત ૧.૭૭ લાખ રૂપિયાની લોન લીધી હતી અને એલએમવી (LMV) ડ્રાઈવિંગની



તાલીમ લીધી અને હવે પોતાની રિક્ષા ચલાવીને આજે મહિને ૨૦,૦૦૦ રૂપિયા કમાય છે. આમ આ યોજનાથી મહિલાઓના આર્થિક સશક્તિકરણને ખૂબ જ વેગ મળ્યો છે. પરંપરાગત વિચારસરણી એ રહી છે કે જાહેર ક્ષેત્ર અથવા ખાનગી ક્ષેત્રમાં રોજગાર ઊભો થાય પરંતુ મુદ્રા યોજનાએ આજીવિકા સાધન તરીકે વ્યક્તિગત ક્ષેત્રમાં સ્વરોજગારના સાધન તરીકે વિકાસમાં મદદ કરી છે.



**ઉજ્જવલા યોજના હેઠળ અત્યાર સુધીમાં આઠ કરોડ લાભાર્થી**

ગેસ કનેક્શનનો ઉપયોગ કરીને જમવાનું બનાવવું એ શહેરના લોકો માટે મોટી બાબત ના હોઈ શકે પરંતુ અંતરિયાળ ગામડામાં તે ખૂબ જ મોટી બાબત છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સામાજિક સશક્તિકરણ માટેનું ખૂબ જ મોટું પગલું છે. ઉજ્જવલા યોજના હેઠળ અત્યાર સુધીમાં આઠ કરોડ લાભાર્થી છે. નજીકના વિસ્તારોમાંથી સૂકાં લાકડાં લાવવાનાં અને રોજ જ દૈનિક હોડ માટે ધુમાડા શરીરમાં જવા દેવા તેમાં મફત ગેસ સિલિંડર આપવાની આ યોજનાથી આમૂલ પરિવર્તન આવ્યું છે.

## ત્રિપલ તલાક નાબૂદી

વર્ષ ૨૦૧૧ની જનગણનાના આંકડાના વિશ્લેષણ મુજબ ભારતમાં પ્રત્યેક તલાકવાળા મુસ્લિમ પુરુષની સરખામણીમાં તલાકવાળી મુસ્લિમ મહિલાની સંખ્યા ચાર છે. મુસ્લિમ ધર્મમાં મહિલા તથા પુરુષનો તલાકનો રેશિયો ૭૯:૨૧ છે, જે અન્ય ધર્મોના મુકાબલે ખૂબ જ વધારે છે. મુંબઈની મુસલમાન મહિલા સંસ્થા બેબાક ક્લેક્ટિવની સંસ્થાપક હસીના ખાનના કહેવા પ્રમાણે આ અંતર પાછળ બે કારણ જવાબદાર છે. પ્રથમ મુસ્લિમ પર્સનલ લો મુજબ ત્રિપલ તલાકની મંજૂરી આપી પુરુષોને વધુમાં વધુ શક્તિ આપવી. બીજું કારણ અત્યાર સુધીની સરકારો દ્વારા મુસ્લિમ મહિલાઓને સશક્ત ન કરવી. તેમની જરૂરિયાતોના સમાધાન માટેની ખૂબ જ ઓછી રાજકીય ઇચ્છાશક્તિ. આ વર્ષો જૂની કુપ્રથાથી મુસ્લિમ બહેનોને મુક્ત કરાવવી એ સામાન્ય વાત નથી. ત્રિપલ તલાક કાયદો લાવીને કહેવાતી કપટી ધર્મનિરપેક્ષ રાજકીય પાર્ટી તથા મુલ્લા-મૌલવીઓના વિરોધ પછી પણ દૃઢ રાજકીય ઇચ્છાશક્તિ જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બતાવી છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આવો જ એક મહત્ત્વનો નિર્ણય જે મુસ્લિમ મહિલાને પોતે સશક્ત છે તેનો અહેસાસ કરાવશે કે આઝાદી પછી પ્રથમ વખત હજ નીતિ બનાવી પુરૂષ વગર મહિલા હજયાત્રાએ જઈ શકશે તેની અનુમતિ આપી. આ સિવાય પાછલાં છ વર્ષમાં ૩ કરોડ અલ્પસંખ્યક બાળકીઓને સ્કોલરશિપ આપવામાં આવી જેના કારણે બાળકીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો ૭૨%થી ઘટીને ૩૧% આવી ગયો.

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકારે બાળકીના જન્મથી લઈને શિક્ષા, સુરક્ષા, પોષણ, સામાજિક તથા આર્થિક સશક્તિકરણની વિવિધ યોજનાઓ ક્રિયાન્વિત કરી છે**

જાતિ વચ્ચેનો ભેદભાવ દૂર કરીને સ્ત્રીઓમાં વહેલી પ્રસૂતિનું જોખમ ઘટાડાયું તથા નાની ઉંમરે પ્રસૂતિએ બાળમરણમાં વધારો કરે છે તથા માતાની તબિયતને પણ પ્રતિકૂળ અસર કરે છે. લગ્ન માટેની ઉંમરમાં ભેદ એ બંધારણની કલમ ૧૪ અને ૨૧ની પણ વિરુદ્ધમાં છે તેથી મહિલા માટે લગ્નજીવનની ઉંમરમાં ૧૮થી વધારીને ૨૧ કરવી એ પ્રધાનસેવકનું સાચા અર્થમાં એક હિંમતવાન, દૂરગામી પરિણામ આપનારું તથા મહિલા કેન્દ્રિત અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે. આવો નિર્ણય લેવા આઝાદી પછીની ભારતની કોઈપણ સરકારે હિંમત કરી ન હતી. કોમર્શિયલ સરોગસી ઉપર પ્રતિબંધ મૂકવો એ ગયા વર્ષે સરકારનું બીજું એક સાહસિક પગલું હતું. જે ગેરકાયદેસર IVF અને સરોગસીને પ્રોત્સાહન આપતું હતું તેની ઉપર વજ્રાઘાત સમાન પગલું લીધું. નવા કાયદા મુજબ ફક્ત પરિણીત ભારતીય યુગલો જેઓ ઓછામાં ઓછા પાંચ વર્ષથી સાથે રહેતાં હોય અથવા તો ડોક્ટર દ્વારા બાળકોને કુદરતી રીતે કન્સીવ કરવા માટે તબીબી રીતે અયોગ્ય માનવામાં આવ્યાં છે તેમને જ સરોગેટ આધારિત રહેવાની મંજૂરી મળશે. આ પગલાથી ગર્ભાશય ભાડે (Rent A Womb) લેવાનો જે ધંધો ચાલતો હતો તેને અટકાવવામાં મદદ મળશે. આ અટકાવવું પણ જરૂરી હતું કારણ કે આર્થિક



રીતે નબળા વર્ગની મહિલાઓનું આમાં શોષણ થતું હતું.

૧૨ વર્ષથી ઓછી ઉંમરની બાળકીઓ ઉપર રેપ કરનારને ફાંસીની સજાનું પ્રાવધાન કરવું તથા કાનૂનમાં બદલાવ કરીને કાનૂની પ્રક્રિયા માત્ર આઠ મહિનામાં પૂરી કરવાની સમયસીમા નિશ્ચિત કરી છે. આ પગલાથી અનેક રાજ્યોમાં ત્રણથી ચાર મહિનામાં દુષ્કર્મના દોષિતોને ફાંસીની સજા પણ આપવામાં આવી છે. નારી તું નારાયણી આ મંત્રને ખરેખર કોઈ સરકારે પ્રાધાન્ય આપ્યું હોય તો તે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકાર છે. માતૃત્વની રક્ષા જ ભવિષ્યની સુરક્ષા છે. સુરક્ષિત માતૃત્વ અભિયાન ચલાવવામાં ાવ્યું અને હજારો સ્વાસ્થ્ય કેન્દ્રો પર ૨.૫ કરોડ કરતાં વધારે ગર્ભાવસ્થાની તપાસ તથા ૮ લાખથી વધારે હાઈરીસ્ક ગર્ભાવસ્થાની તપાસ કરી તથા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ સગર્ભા મહિલાને ૬૦૦૦ રૂપિયાની આર્થિક મદદ કરી. મિશન ઇન્દ્રધનુષ હેઠળ માતા તથા બાળકનું ટીકાકરણ શરૂ કરી પાંચ નવા વેક્સિન પણ ઉમેર્યા જેમાં રોટા વાયરસ, રૂબેલા, ઇનએક્ટિવેટેડ પોલિયો જેવાનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા ૨૦૧૭ના વર્ષમાં મહિલા શક્તિકેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જે ગામડામાં મહિલાને સ્કીલ ડેવલપમેન્ટ, રોજગાર, ડિજિટલ લીટરસી, હેલ્થ અને ન્યુટ્રીશયન ઉપર મજબૂત કરવામાં મદદ કરશે. આ મહિલા શક્તિ-કેન્દ્રો માટે દેશના સૌથી પછાત ૧૧૫ જિલ્લાની પસંદગી કરવામાં આવી. સરકાર દ્વારા પાછલાં વર્ષોમાં વર્કીંગ વુમન હોસ્ટેલનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો. જે સુરક્ષિત અને અનુકૂળ આવે તેવું રહેવાનું ખાસ કરીને નોકરી કરતી મહિલા તથા સીંગલ મધર્સ માટે સાથે સાથે તેમના બાળકો માટે ડે-કેરની ફેસિલિટી પણ શરૂ કરવામાં આવી. રૂરલ તથા સેમી અર્બન વિસ્તારોમાં આ મહિલાઓ માટે ખૂબ જ ઉપયોગી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેમાં જે ડેટા બતાવવામાં આવ્યા છે તે મુજબ બાળકના જન્મ સમયે માતાનો મૃત્યુદર જે ૨૦૧૦માં યુપીએ સરકારની અયોગ્ય વ્યવસ્થાના કારણે ૧૬૭ હતો તે ૨૦૧૮માં ઘટીને ૧૩૦ થઈ ગયો તથા બાળમૃત્યુદર જે ૨૦૧૪માં દર ૧૦૦૦ બાળકે ૪૦ બાળકનાં મૃત્યુ થતાં હતાં તે ૨૦૧૬માં ૩૭ અને ૨૦૧૭માં ૩૪ થઈ ગયાં. નોકરી કરતી મહિલાઓ માટે સગર્ભા થાય ત્યારે રજા ૧૨ અઠવાડિયાંથી વધારીને ૨૬ અઠવાડિયાં કરી દેવામાં આવી. જે પ્રસૂતિ બાદ બાળકના સ્વાસ્થ્ય અને મહિલા માટે કેટલું જરૂરી છે તે કોઈ મહિલા જ કહી શકે. જે ક્યારેય વિચાર્યું પણ ન હતું કે ભારતીય સૈન્ય તથા ભારતીય નૌકાદળમાં મહિલાઓને પરમેનન્ટ એમ્પ્લોયમેન્ટની તક ઊભી કરી. મહિલાઓના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને દેશના તમામ જન ઔષધિ સ્ટોરમાં




માત્ર રૂ. ૧માં જનઔષધિ સુવિધા સેનિટરી પેડનું વિચાણ શરૂ કરાયું જે પહેલાં ૨.૫ રૂ.માં મળતા હતા.

## દીકરીના સુરક્ષિત ભવિષ્ય માટે સુકન્યા સમૃદ્ધિ યોજના

દીકરીના સુરક્ષિત ભવિષ્ય માટે સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી. આ યોજનામાં જોડાવવા બેંક અથવા પોસ્ટ ઓફિસમાં જઈને કોઈપણ વ્યક્તિ ૧૦ વર્ષની નાની બાળકીનું એકાઉન્ટ ખોલાવી શકે છે, જેમાં વર્તમાનમાં ૭.૬% વ્યાજ મળે છે તથા તેનું રોકાણ ૮૦સીની કલમ હેઠળ ઇન્કમટેક્ષમાં બાદ મળે છે. સરકાર દ્વારા વન સ્ટોપ સેંટર સ્કીમ ૧-૪-૨૦૧૫થી નિર્ભયા ફંડથી લાગુ કરવામાં આવી. કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બનેલી મહિલાને સુરક્ષા આપવાના હેતુથી પોલીસ ડેસ્ક, કાનૂની તથા મેડિકલ સર્વિસ તથા કન્સલ્ટેશન આ યોજના અંતર્ગત આપવામાં આવે છે. આ યોજના માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૧ રાખવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા ઈમહિલા હાટ યોજના શરૂ કરવામાં આવી. આ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જેના માધ્યમથી પોતે ઘરે બનાવેલી પ્રોડક્ટ વેચી શકે છે. આ પ્લેટફોર્મ પર મહિલા ફ્રીમાં રજિસ્ટ્રેશન કરાવી પોતાની પ્રોડક્ટ ડિસ્પ્લે કરાવી શકે છે. આ યોજના અંતર્ગત અનેક ગ્રામીણ મહિલાઓ હેંડ બેગ, પર્સ, સ્કૂલ બેગ જેવી વસ્તુ રીટેલરને વેચીને ખૂબ જ સારી કમાણી કરે છે. સ્ટેંડઅપ ઇન્ડિયા હોય કે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન કે MSME બિઝનેસમાં મહિલાઓને આગળ કરી આર્થિક તાકાત વધારવાનું કામ આ સરકારે કર્યું છે.


આમ સરકારના ઉપરોક્ત પગલાઓ ઉપરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે સેના હોય કે અંતરિક્ષ વિજ્ઞાન, ખેલકૂદ હોય કે રોજગાર, રાજનીતિ હોય કે જ્યુડિશિયરી શ્રી નરેન્દ્રભાઈ મોદી નારીશક્તિને મજબૂત કરીને નવા ભારતનું નિર્માણ કરી રહ્યા છે. દરેક ક્ષેત્રમાં મહિલા આગળ વધી રહી છે અને દેશનું નામ રોશન કરી રહી છે. મહિલા સશક્તિકરણ માટે મોદીજીએ પાછલાં છ વર્ષોમાં જેટલી પ્રતિબદ્ધતા દર્શાવી છે એટલી બીજી કોઈ સરકારે બતાવી નથી.

●





# 'આત્મનિર્ભર ગુજરાત સહાય' યોજના માત્ર ૨ ટકા વાર્ષિક વ્યાજ દરથી લોન આપતી ગુજરાતના ઇતિહાસની સૌ પ્રથમ યોજના



મુખ્યમંત્રીશ્રી અને વિધાનગૃહના નેતાશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, વૈશ્વિક મહામારી કોરોનાની સ્થિતિમાંથી નાના વેપારીઓ, કારીગરો, ધંધા-રોજગાર કરનારાઓને ફરીથી ચેતનવંતા કરવા 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' અન્વયે રૂ. ૧૪૧૮ કરોડ રૂપિયા જરૂરિયાતમંદ લાભાર્થીઓને DBTથી ચૂકવી દેવાયા છે. સામાન્ય વર્ગના અને રોજનું કમાઈને રોજ ખાનારા અને નાના ધંધા-રોજગારકારો માટે આ સહાય યોજના નાના માણસની મોટી યોજના બની છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી વિસનગરના ધારાસભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલે 'આત્મનિર્ભર ગુજરાત સહાય' યોજના અંગે ઉપસ્થિત કરેલા ટૂંકી મુદતના પ્રશ્નના જવાબમાં ગૃહના નેતા તરીકે સહભાગી થયા હતા.

તેમણે કહ્યું કે, માત્ર બે ટકા વાર્ષિક વ્યાજ દરથી લોનની આ 'આત્મનિર્ભર ગુજરાત સહાય' યોજના રાજ્યના ઇતિહાસમાં પ્રથમ યોજના છે.

કોરોનાની સ્થિતિમાં લોકડાઉનને કારણે વેપાર, ઉદ્યોગ-ધંધાને જે આર્થિક વિપરીત અસર પડી છે તેમાંથી ખાસ કરીને નાના વેપારીઓ, કારીગરો, વ્યવસાયિકોને રૂ. ૧ લાખથી ૨.૫૦ લાખની લોન આપી પુનઃ બેઠા કરવા રાજ્ય સરકારે આ યોજના શરૂ કરી છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, રાજ્યના વેપાર-ઉદ્યોગ, ધંધા-રોજગારને સમગ્રતયા ચેતનવંતા કરવા સરકારે રૂ.૧૪ હજાર કરોડનું 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ' પણ જાહેર કરેલું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના નાના-વેપારીઓ, સ્વતંત્ર વ્યવસાયિકો અને સામાન્ય વ્યક્તિઓ સહિત છેવાડાના માનવી સુધી આ 'આત્મનિર્ભર ગુજરાત સહાય' યોજના આવા વર્ગોને કોરોના સ્થિતિ પછીની જીવન-વ્યવસ્થામાં આધાર બનશે તેમ જણાવ્યું હતું.

સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, આ યોજના અંતર્ગત રાજ્યનાં ૧.૭૦ લાખથી વધુ અરજદારોની અંદાજે રૂ.૧૬૪૭ કરોડની લોન અત્યાર સુધીમાં મંજૂર કરી દેવામાં આવી છે. એટલું જ નહીં, રાજ્યમાંથી અંદાજે સવા લાખ જેટલાં પાથરણાં-ધારકોએ અરજી કરી હતી તે પૈકી ૫૦ હજારથી વધુ પાથરણાં ધારકોની લોન મંજૂર કરી તેમના ખાતામાં લોનની રકમ જમા પણ થઈ ગઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આ પેકેજ સમાજના કોઈ એકલ-દોકલ વર્ગ કે વ્યક્તિઓને નહિ પરંતુ નાનામાં નાના, છેવાડાના ગરીબ વંચિત, પીડિત, શ્રમિક, નાના વેપારી, ઉદ્યોગ, નાના ધંધા રોજગાર કરતા વેપારી કે કારીગર વર્ગ સહિત સૌના હિતની પ્રતિબદ્ધતા સાથે બનાવવામાં આવેલું પેકેજ છે. મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલું આ પેકેજ આર્થિક પરિસ્થિતિમાં સુધાર સાથે રાજ્યના જનજીવનને અને અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવશે એમ તેમણે ઉમેર્યું હતું.



## વિધાનસભાની આઠ બેઠકોની આગામી પેટાચૂંટણી અન્વયે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં ડાંગ, કપરાડા, કરજણ, અબડાસા અને મોરબી બેઠકના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં કેન્દ્રની અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકારે સાતત્યપૂર્ણ રીતે પ્રજાહિતના અનેક નિર્ણયો અને લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેનો લાભ ખૂબ મોટી સંખ્યામાં નાગરિકોને મળી રહ્યો છે. - શ્રી સી. આર. પાટીલ**

વિધાનસભાની આઠ બેઠકોની આગામી પેટાચૂંટણી અન્વયે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં ડાંગ, કપરાડા, કરજણ, અબડાસા અને મોરબી બેઠકના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ.

આ વર્ચ્યુઅલ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રીઓ ભરતસિંહ પરમાર, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ તથા રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ ગણપતભાઈ વસાવા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી સૌરભભાઈ પટેલ અને શ્રી ઈશ્વરસિંહ પટેલ તથા આ પેટાચૂંટણીના પ્રદેશ ઈન્ચાર્જશ્રીઓ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ અને પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી તેમજ વિધાનસભાના ઈન્ચાર્જશ્રીઓ શ્રી આઈ. કે. જાડેજા અને શ્રી પૂર્ણેશભાઈ મોદી હાજર રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ડાંગ, કપરાડા, કરજણ, અબડાસા અને મોરબી બેઠકના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ સાથેના વર્ચ્યુઅલ સંવાદમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં કેન્દ્રની અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકારે સાતત્યપૂર્ણ રીતે પ્રજાહિતના અનેક નિર્ણયો અને લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેનો લાભ ખૂબ મોટી સંખ્યામાં નાગરિકોને મળી રહ્યો છે. ભાજપાએ હંમેશા સંગઠન થકી સેવાને પ્રાધાન્ય આપ્યું છે, દરેક કુદરતી આફત અને મુશ્કેલ સમયમાં ભાજપના કાર્યકર્તાઓ નાગરિકોની વચ્ચે જઈને મદદરૂપ બન્યા છે. ભાજપા આજે તમામ વર્ગ અને સમુદાયમાં અપ્રતિમ લોકચાહના ધરાવે છે ત્યારે તેઓએ હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસથી મતદારો પાસે જવા કાર્યકર્તાઓને હાકલ કરી હતી.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ભાજપા એ સૌથી મોટું રાજકીય સંગઠન બન્યું છે ત્યારે પ્રત્યેક કાર્યકર્તાની જવાબદારી વધી જાય છે. ભાજપાના વિચારો અને રાષ્ટ્રસેવાની ભાવના જનજન સુધી ઉજાગર થાય એ દરેક કાર્યકર્તાનું પ્રાથમિક લક્ષ્ય છે. છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળો પહોંચતાં કરવા માટે સરકારી તંત્રની સાથે સાથે ભાજપા કાર્યકર્તાઓ પણ વિવિધ યોજનાઓની માહિતી વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચાડી પોતાનું યોગદાન આપે.

આ બેઠકમાં ઉપસ્થિત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ ઉપસ્થિત સૌને ચૂંટણી વ્યવસ્થાપન, આયોજન અને સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

# અબડાસા વિધાનસભા બેઠકના ભાજપાના પેજકમિટીના સભ્યોને ફોટો સાથેના આઈકાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો



**અબડાસા વિધાનસભા બેઠક પર ૩૨ હજારથી વધુ કાર્યકર્તા પેજપ્રમુખ અને પેજકમિટીની વ્યવસ્થા સંભાળીને પોતાની જવાબદારીનું વહન કરીને ભાજપાના કમળના નિશાનને વધુમાં વધુ મત મળે માટેના પરિશ્રમમાં લાગી ગયા છે, તે વાતનો મને આનંદ છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં અબડાસા વિધાનસભા બેઠકના ભાજપાના પેજકમિટીના સભ્યોને ફોટો સાથેના આઈકાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપા કાર્યકર્તા આધારિત રાજકીય પાર્ટી છે, આવનાર વિધાનસભા પેટાચૂંટણીમાં પેજકમિટીની વ્યવસ્થા અતિમહત્વનો ભાગ ભજવવાની છે ત્યારે, મને આનંદ છે કે અબડાસા બેઠક પર ૩૨ હજાર થી વધુ કાર્યકર્તા પેજપ્રમુખ અને પેજકમિટીની વ્યવસ્થા સંભાળીને પોતાની જવાબદારીનું વહન કરીને ભાજપાના કમળના નિશાનને વધુમાં વધુ મત મળે માટેના પરિશ્રમમાં લાગી ગયા છે. અબડાસા વિધાનસભા બેઠક પર ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, યોગ્ય વ્યૂહરચના અને વ્યવસ્થા, સંગઠનની તાકાત અને કાર્યકર્તાઓના પરિશ્રમનો સમન્વય કોઈપણ ચૂંટણી જીતવા માટે ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. વૈશ્વિક મહામારી કોરોનાને કારણે આ વખતે ચૂંટણી પ્રચારની વ્યવસ્થા પણ બદલાશે ત્યારે ચૂંટણી પંચે જાહેર કરેલી માર્ગદર્શિકા અનુસાર તમામ નિયમોનું પાલન સાથે આપણે ચુંટણી પ્રચાર કરવાનો છે. ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા પાસે જનતા સમક્ષ મુકવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, દેશહિત માટે લેવાયેલા ઐતિહાસિક નિર્ણયો, ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારા તેમજ રાજ્યની ભાજપા સરકાર દ્વારા અમલમાં મુકાયેલી અનેકવિધ યોજનાઓનું ભાથું છે.રાજ્યની જનતાનો છેલ્લા ૨૫ વર્ષથી ભાજપા પરનો વિશ્વાસ અડગ રહ્યો છે.



**ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા અને પેજકમિટીના સદસ્ય પોતાના ઘરે ભાજપનો ધ્વજ લગાવીને, વાહન પર ભાજપનું સ્ટીકર લગાવે, પ્રદેશ અને સ્થાનિક સ્તરની ચૂંટણીલક્ષી સૂચનાઓ અને માર્ગદર્શનનું પાલન કરીને ઉમેદવારને ભારે બહુમતીથી જીતાડવા માટે પોતાનું યોગદાન આપે -શ્રી ભીખુભાઈ દલસાણિયા**

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા જણાવ્યું હતું કે, અબડાસા વિસ્તારના ભાજપાના હજારો કાર્યકર્તારૂપી સૈનિકો કોટેશ્વર મહાદેવ અને આશાપુરા માં ના આશીર્વાદ સાથે પેટાચૂંટણીમાં મહત્તમ મતદારોને મતદાન મથક સુધી પહોંચાડી ભાજપાને ભવ્ય વિજય અપાવવાના છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા અને પેજકમિટીના સદસ્ય પોતાના ઘરે ભાજપનો ધ્વજ લગાવીને, વાહન પર ભાજપનું સ્ટીકર લગાવે, પ્રદેશ અને સ્થાનિક સ્તરની ચૂંટણીલક્ષી સૂચનાઓ અને માર્ગદર્શનનું પાલન કરીને ઉમેદવારને ભારે બહુમતીથી જીતાડવા માટે પોતાનું યોગદાન આપે.



**જીતના આત્મવિશ્વાસ સાથે પ્રત્યેક કાર્યકર્તા પેજકમિટીના સદસ્ય તરીકે પોતાને મળેલી જવાબદારી પ્રમાણિકતા અને ખંતથી અદા કરીને ભાજપનો ભવ્ય અને મોટી લીડથી વિજય સુનિશ્ચિત કરશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે - શ્રી સી.આર.પાટીલ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ગુજરાતમાં નવસારી લોકસભા બેઠક બાદ સૌપ્રથમ અબડાસા વિધાનસભા ક્ષેત્રમાં ફોટો સાથેના આઈકાર્ડ વાળી ૩૨,૦૦૦થી વધુ ભાજપા કાર્યકર્તાઓની પેજકમિટી બનાવવા બદલ આ વ્યવસ્થા સાથે જોડાયેલા પ્રત્યેક કાર્યકર્તા અને આગેવાનશ્રીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પેજપ્રમુખ અને પેજકમિટી ની વ્યવસ્થા કોઈ પણ ચૂંટણીને ભારે બહુમતી સાથે જીતાડવાની તાકાત ધરાવે છે. કાર્યકર્તાઓનું વર્ષોથી ઘડતર થતું આવ્યું છે, જીતના આત્મવિશ્વાસ સાથે પ્રત્યેક કાર્યકર્તા પેજકમિટીના સદસ્ય તરીકે પોતાને મળેલી જવાબદારી પ્રમાણિકતા અને ખંતથી અદા કરીને ભાજપનો ભવ્ય અને મોટી લીડથી વિજય સુનિશ્ચિત કરશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev



## ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના મુખ્યમંત્રીપદથી શરૂ થયેલ આ સફરની સિદ્ધિઓ

- નર્મદા યોજનાનું સપનું કર્યું સાકાર
- ગુજરાતમાં ઘરે-ઘરે ૨૪ કલાક વીજળી
- કર્ફ્યુ મુક્ત-હુલ્લડ મુક્ત ગુજરાત
- સૌની યોજના
- સુજલામ્ સુફલામ્ યોજના
- સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા 'સરદારને સન્માન'
- દેશનો પ્રથમ રીવરફ્રન્ટ સાબરમતી, અમદાવાદ
- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને મા અમૃતમ્ કાર્ડ
- કૃષિ મેળાઓ તથા સોઈલ હેલ્થકાર્ડ દ્વારા કૃષિક્ષેત્રે ક્રાંતિ
- કલમ ૩૭૦/૩૫એ ના નિર્મૂલન દ્વારા જમ્મુ-કાશ્મીરનું ભારતમાં સંપૂર્ણ એકીકરણ
- સર્જિકલ સ્ટ્રાઈક - એર સ્ટ્રાઈક દ્વારા આતંકવાદીઓને જડબાતોડ જવાબ
- કૃષિક્ષેત્રે આમૂલ પરિવર્તન 'કૃષિ સુધાર બીલ-૨૦૨૦'
- ૩૩ વર્ષ બાદ નવી શિક્ષણનીતિ
- ૫૦ કરોડ લોકો માટે આરોગ્ય કવચ 'આયુષ્માન ભારત' યોજના

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.